dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 210 | AD - 2024, Chaitra Vad - 11 | Saturday, Dt.04-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# મારૂ સપનું દેશવાસીઓના સપના પુરા કરવાનું છે : પ્રધાનમંત્રી મોદી

## રાહુલ ગાંધી ડરના માર્યા રાયબરેલી ભાગી ગયા હોવાનું કહી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

(એ.આર.એલ),કોલકતા,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના બર્ધમાનમાં ગર્જના કરી હતી. તેમણે ચૂંટણી પ્રચાર દરમિયાન અહીં એક રેલીને પણ સંબોધિત કરી હતી. આ રેલીમાં પીએમ મોદીએ વિપક્ષી પાર્ટીઓ પર નિશાન સાધતા કહ્યું કે તેમનો જન્મ જનતાની સેવા કરવા માટે થયો છે. તેમણે વધુમાં કહ્યું કે તેમનું સ્વપ્ન માત્ર લોકોના સપના પૂરા કરવાનું છે. આ રેલીમાં પીએમ મોદીએ રાહુલ ગાંધીના રાયબરેલીથી લોકસભા ચૂંટણી લડવાના નિર્ણય પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી ડરના કારણે રાયબરેલી ભાગી ગયા હતા. પીએમ મોદીએ કોંગ્રેસ સાંસદને કહ્યું, 'ડરશો નહીં, દોડશો નહીં'. રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "દેશ અને તમે બધાએ મને ઘણા બધા આશીર્વાદ આપ્યા છે. કદાચ કોઈ વ્યક્તિ તેના જીવનમાં કલ્પના પણ ન કરી શકે કે ભગવાનના રૂપમાં લોકો આટલા બધા આશીર્વાદ વરસાવે અને સતત વરસાવે. અને વર્ષોથી આ આશીર્વાદ વધી રહ્યા છે, જીવનમાં આનાથી વધુ સંતોષકારક શું હોઈ શકે.



તેમણે વધુમાં કહ્યું કે, "હું મોજ કરવા માટે જન્મ્યો નથી અને હું મારા માટે જીવવા માંગતો નથી. હું ફક્ત તમારી સેવા કરવાનો, મહાન ભારત માતાના ૧૪૦ કરોડ દેશવાસીઓની સેવા કરવાનો સંકલ્પ લઈને આવ્યો છું. હું દિવસભર કામ કરું છું અને આત્મનિર્ભર ભારત બનાવવા દિન-રાત કામ કરું છું, મારા પોતાના લોકો માટે - મારું ભારત, મારા સપનાઓ.

વિપક્ષી પાર્ટીઓ ટીએમસી, કોંગ્રેસ અને ડાબેરીઓ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે આ પાર્ટીઓ પાસે વિઝન નથી. તેમણે ડાબેરીઓ પર પડોશી રાજ્ય ત્રિપુરાને નષ્ટ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, "તમે સારી રીતે જાણો છો કે ડાબેરીઓ, કોંગ્રેસ અને ટીએમસી રાજ્યનું શું કરી શકે છે. નજીકના ત્રિપુરાને ડાબેરીઓએ બરબાદ કરી દીધું હતું. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં ભાજપે સમગ્ર ત્રિપુરાનું જીવન બદલી નાખ્યું છે. જ્યારે ડાબેરીઓએ છોડી દીધું, ત્યારે વિકાસનો સૂરજ ઉગવા લાગ્યો.

ટીએમસી પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું, "મેં ગઈ કાલે ટીવી પર જોયું કે અહીં બંગાળમાં ટીએમસીના ધારાસભ્યએ જાહેરમાં ધમકી આપી હતી. તે કહી રહ્યો હતો કે તે ભાગીરથીમાં હિન્દુઓને બે કલાકમાં ધોઈ નાખશે." સરકારે હિંદુઓને બીજા વર્ગના નાગરિકો બનાવી દીધા છે અને તેમને રામ મંદિર નિર્માણ સામે વાંધો છે.

પીએમ મોદીએ સંદેશખાલી મુદ્દે ટીએમસી સરકાર પર પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું, "હું તૃણમૂલ સરકારને પૂછવા માંગુ છું કે અહીં સંદેશખાલીમાં અમારી દલિત બહેનો પર આટલો મોટો અપરાધ કરવામાં આવ્યો હતો. આખો દેશ કાર્યવાહીની માંગ કરતો રહ્યો, પરંતુ ટીએમસી ગુનેગારને બચાવતી રહી. શું તે માત્ર એટલા માટે છે કે તે ગુનેગારનું નામ શાહજહાં શેખ છે?" રાહુલ ગાંધીએ અમેઠી છોડીને રાયબરેલીથી ઉમેદવારી નોંધાવવા પર પીએમ મોદીએ પ્રતિક્રિયા આપી છે. બર્ધમાનમાં એક રેલીને સંબોધતા તેમણે કહ્યું કે કોંગ્રેસના સાંસદો ડરી ગયા છે, તેથી તેઓ રાયબરેલીથી ચૂંટણી લડી રહ્યા છે. વડાપ્રધાને કહ્યું, "મેં પહેલેથી જ કહ્યું હતું કે શહેજાદા વાયનાડમાં હારના ડરથી પોતાના માટે બીજી સીટ શોધી રહ્યા છે. હવે તેણે અમેઠીથી ભાગીને રાયબરેલી સીટ પસંદ કરવી પડી છે. આ લોકો બધાને કહીને ફરે છે ડરશો નહીં હું તેમને પણ કહીશ - ડરશો નહીં!

વર્ધમાનમાં રેલીને સંબોધિત કરતા પીએમ મોદીએ દાવો કર્યો હતો કે આ વખતે કોંગ્રેસ પહેલા કરતા ઓછી સીટો પર જવાની છે. તેમણે વધુમાં કહ્યું કે હવે દેશ પણ સમજી રહ્યો છે કે આ લોકો ચૂંટણી જીતવા માટે નથી લડી રહ્યા, તેઓ માત્ર ચૂંટણી મેદાનનો ઉપયોગ દેશના ભાગલા પાડવા માટે કરી રહ્યા છે.


## શેર બજાર અચાનક તૂટી પડ્યું, સેન્સેક્સ ૧૪૦૦ પોઇન્ટ તૂટ્યો, રોકાણકારોના 3 લાખ કરોડ સ્વાહા

# સેન્સેક્સ ૭૩૨.૯૬ પોઈન્ટ, નિફ્ટી ૧૭૨.૩૩ પોઈન્ટના ઘટાડા સાથે બંધ

(એ.આર.એલ),મુંબઈ,તા.૩

સવારે મજબૂતીથી શરૂ થયેલું સ્થાનિક શેરબજાર શુક્રવારે મોટા ઘટાડા સાથે બંધ થયું. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૭૩૨.૯૬ (૦.૯૮%) પોઈન્ટ ઘટીને ૭૩,૮૭૮.૧૫ પર બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી ૧૭૨.૩૩ (૦.૭૬%) પોઈન્ટ લપસીને ૨૨,૪૭૫.૮૫ પર બંધ થયો હતો. શુક્રવારે સવારે મજબૂત દેખાઈ રહેલા સેન્સેક્સ અને નિફ્ટી તેમના ઉપરના સ્તરોથી સરકી ગયા હતા. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ ૧૧૩૦ પોઈન્ટ ઘટીને ૭૩,૪૮૧ પર જ્યારે નિફ્ટી ૨૯૬ પોઈન્ટ ઘટીને ૨૨,૩૫૧ પર બંધ થયો હતો.

બજારમાં વેચવાલી દરમિયાન, બીએસઈના તમામ ૧૯ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં ટ્રેડ થતા જોવા મળ્યા હતા. બજારમાં વેચવાલીને કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી ઘટીને રૂ. ૪૦૪.૪૮ લાખ કરોડ થઈ હતી. ભારતી એરટેલ, રિલાયન્સ, એલએન્ડટી,



મારુતિ સુઝુકી, નેસ્લે ઈન્ડિયા અને ટાટા મોટર્સના શેર બપોરના સત્રમાં ૩.૩૭% સુધી ઘટીને ટોપ લુઝર હતા. સેન્સેક્સમાં બજાજ ટ્વિન્સનો શેર ૧.૮ ટકા સુધી વધ્યો હતો. બજારની વધઘટ સાથે જોડાયેલ ઈન્ડિયા વીઆઈએક્સ ૧૧.૬% વધીને ૧૫.૦૧ના સ્તરે પહોંચ્યો.

એ યાદ રહે કે શરૂઆતી કારોબારમાં શાનદાર તેજી બાદ શેરબજારે અચાનક યૂ-ટર્ન લીધો. સેન્સેક્સ આજે પોતાના હાઈ લેવલથી ૨ ટકા અથવા ૧૪૩૪ પોઈન્ટ તૂટીને કારોબાર કરી રહ્યો છે. તો બીજી તરફ નિફ્ટી આજે પોતાના ઓલ ટાઈમ હાઈ લેવલ ૨૨,૭૯૪ ને ટચ કર્યો હતો, જ્યાંથી લગભગ ૧.૬૦ ટકા એટલે કે ૪૦૦ પોઈન્ટ નીચે કારોબાર કરી રહ્યો છે. બપોરે ૧ વાગ્યે નિફ્ટી ૨૫૦ પોઈન્ટ ઘટીને ૨૨,૪૦૦ પર ટ્રેડ કરી રહ્યો હતો જ્યારે સેન્સેક્સ ૯૧૬ પોઈન્ટ ઘટીને ૭૩,૬૯૫ પર ટ્રેડ કરી રહ્યો હતો. જ્યારે બેન્ક નિફ્ટી ૪૭૫ પોઈન્ટથી વધુના ઘટાડા બાદ ૪૮,૭૬૫ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. બીએસઈના ટોચના ૩૦ શેરોમાંથી ૨૫ શેરોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. બજાજ ફાઈનાન્સના શેરમાં ૨ ટકાનો વધારો થયો છે. સૌથી મોટો ઘટાડો ભારતી એરટેલમાં ૨.૪૨ ટકા આવ્યો છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાણીપની નિશાન સ્કૂલમાં ૮:૩૦ કલાકે મતદાન કરશે

## કેન્દ્રીય ગૃહમંત્રી નારણપુરાની શાળામાં મતદાન કરશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

આગામી તા. ૭ મે ના રોજ ગુજરાતમાં ત્રીજા તબક્કાનું મતદાન યોજાનાર છે. વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ અંતિમ તબક્કામાં હાલ ચાલી રહી છે. વડાપ્રધાન સહિત અનેક રાજકીય નેતાઓ મતદાન કરવા માટે ગુજરાત આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તા. ૭ મે ના રોજ લોકસભાનાં ત્રીજા તબક્કાનું મતદાન કરવા માટે ગુજરાત આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાણીપની નિશાન સ્કૂલમાં મતદાન કરશે. પ્રધાનમંત્રી મોદી સવારે ૮.૩૦ કલાકે મતદાન કરશે. જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી નારણપુરામાં મતદાન કરશે. અમિત શાહ નારણપુરાની શાળામાં સવારે ૯.૩૦ વાગ્યે મતદાન કરશે. ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ



આનંદીબેન પટેલ પણ મતદાન માટે ગુજરાત આવશે. આનંદીબેન પટેલ શીલજમાં સવારે ૧૦ વાગ્યે મતદાન કરશે. સવારે ૧૧ વાગ્યા પહેલા તમામ મોટા નેતાઓ મતદાન કરશે.

## સોનીયા ગાંધી અને પ્રિયંકા ગાંધીની હાજરીમાં

# રાહુલ ગાંધીએ રાયબરેલી સીટ પરથી ઉમેદવારી નોંધાવી



રાયબરેલી,તા.૩

રાહુલ ગાંધીએ રાયબરેલીથી ઉમેદવારી નોંધાવી છે. તેમની સાથે સોનિયા ગાંધી, બહેન પ્રિયંકા ગાંધી, રોબર્ટ વાડ્રા હાજર રહ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ રાયબરેલીમાં રાહુલ સાથે હાજર રહ્યા હતા. આ તરફ અમેઠીથી કિશોર લાલ શર્માએ પણ ઉમેદવારી નોંધાવી છે. રાહુલ ગાંધી માતા સોનિયાની સીટ રાયબરેલીથી ચૂંટણી લડશે. કોંગ્રેસે તેમના નામની જાહેરાત કરી હતી. આ તરફ પ્રિયંકા ગાંધી ચૂંટણી નહીં લડે. જ્યારે કોંગ્રેસે અમેઠીથી કિશોરી લાલ શર્માને મેદાનમાં ઉતાર્યા છે. કિશોરી લાલને સોનિયા ગાંધીના વિશ્વાસુ માનવામાં આવે છે. શુક્રવારે સવારે ૯ વાગ્યે રાહુલ પરિવાર સાથે દિલ્હીથી રાયબરેલી જવા રવાના થયા હતા. સવારે ૧૦.૩૦ વાગ્યે અમેઠી-રાયબરેલી બોર્ડર પર આવેલ ફુરસતગંજ એરપોર્ટ પર ઉતર્યા હતા. એરપોર્ટ પરથી સોનિયા અને રાહુલ, રોબર્ટ વાડ્રા અને રાજસ્થાનના પૂર્વ સીએમ રાયબરેલી કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યા હતા, જ્યારે પ્રિયંકા અને ગેહલોત અમેઠી ગયા હતા. પ્રિયંકાએ અહીં રોડ શો કર્યો હતો.

શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી
9586102525 / 94274 55593 / 94288 92183
નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.
◆ પ્રી-પ્રાયમરી
PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
◆ ધો. ૧ થી ૫
PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
◆ ધો. ૬ થી ૮
B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
◆ ધો. ૯, ૧૦
B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
◆ ધો. ૧૧, ૧૨ (કોમર્સ)
M.Com., B.Ed., M.A., B.Ed.
◆ ડ્રોઈંગ, કોમ્પ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
◆ Office clerk
કમ્પ્યુટરના જાણકાર
ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.

AIMS - એઈમ્સ
HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ
• ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
• દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
• (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
• મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
• કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુઃખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
• પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયૂર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ
આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...

એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટ્સ
ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
હાફ ડે સ્કૂલ | ફુલ ડે સ્કૂલ | મિક્સ મિડિયમ સ્કૂલ | જવાહર નવોદય પરીક્ષા સેન્ટર | વૈદિક પાઠશાળા | સ્પોર્ટ્સ સ્કૂલ | સ્કીલ સ્કુલ | ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી
સાયન્સ, કોમર્સ, આર્ટ્સ અને બીસીએ. કોલેજ સુચિત
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

# લોકસભાની ચૂંટણી પૂર્વે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની સંજોગ ન્યૂઝ સાથે વાતચીત




અમરેલી,તા.૩

અમરેલી સહિત સમગ્ર રાજયમાં આગામી તા.૭ મેના રોજ લોકસભાની ચૂંટણીનું મતદાન થવાનું છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ પોતાના ઉમેદવારનો વિજય થાય તે માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે આ વખતે કોંગ્રેસે મહિલા સશક્તિકરણને આગળ વધારી શિક્ષિત મહિલા અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ જેનીબેન ઠુંમરને ટિકિટ આપી નગારે ઘા કર્યો છે. આજરોજ અંટાળીયા મહાદેવના સાંનિધ્યમાં મહાપ્રસાદમાં ભાગ લેવા આવેલા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે સંજોગ ન્યૂઝ સાથે વાતચીત કરી હતી. વાતચીતમાં પ્રતાપ દુધાતે જણાવ્યુ હતું કે,

અમરેલી જિલ્લાની જનતાને પ વર્ષમાં લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવાનો મોકો મળે છે ત્યારે તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને મતદાન થકી યોગ્ય વ્યક્તિને સંસદ ભવનમાં મોકલવા જોઈએ. આ ચૂંટણી અમરેલી જિલ્લા માટે મહત્વની છે. ગરીબી, મોંઘવારી, ખેડૂત અને પછાત વર્ગને બચાવવા માટેની લડાઈ છે. લોકશાહીનું ગળુ મરડવાની શરૂઆત ભાજપે કરી છે.

છેલ્લા પ વર્ષમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિરોધ પક્ષને સાફ કરવાની નીતિ અપનાવી છે જે ખરેખર ખૂબ જ નિંદનીય છે.

## કોંગ્રેસના આગેવાન તરીકે ડર છે ?

ડર અંગે પૂછાયેલા સવાલના જવાબમાં જણાવ્યુ હતું કે, પ્રતાપ દુધાત કોઈ સામાન્ય લોકોને મળે તો તેને ધમકાવવાની રાજનીતિ ભાજપ બંધ કરે. આવી રાજનીતિ કરવી હોય તો પ્રતાપ દુધાત સાથે કરો, સામાન્ય લોકો સામે નહિ. સરકારી તંત્રનો ઉપયોગ પ્રતાપ દુધાત સાથે કરો. અમે અંગ્રેજો સામે ડર્યા નથી તો ભાજપ સરકાર સામે શું ડરવાના. હું કોઈથી ડરતો નથી અને ડરવાની કોઈ વાત નથી. આ જિલ્લાના મતદારો ભૂતકાળમાં પણ કોઈનાથી ડર્યા નથી તો આજે શું કામ ડરે. લોકશાહીમાં વાત કરવાનો દરેકને અધિકાર છે. હું શુધ્ધ રાજનીતિ કરવાની અપીલ કરૂ છું. આ જિલ્લાના વિકાસમાં દરેક લોકો સાથે સહભાગી થઈને ભાઈચારાની રાજનીતિ ભૂતકાળના દરેક આગેવાનોને કરી ત્યારે આગામી સમયમાં પણ ધાક-ધમકી કે સરકારી તંત્રના દૂરઉપયોગ વિના તંદુરસ્ત રાજનીતિ થાય તેવા પ્રયાસો કરવા જોઈએ.

## પ્રતાપ દુધાત હંમેશા ઝનૂની નેતા તરીકે ઉપસી આવે છે તેનું કારણ શું ?

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યુ હતું કે, જયારથી હું જાહેર જીવનમાં આવ્યો છું, ત્યારથી મે હંમેશા મારા માટે નહિ પરંતુ લોકોના પ્રશ્નો અને સમસ્યાઓને વાચા આપવાનો પ્રયત્ન કર્યો છે. સત્યને સાથ આપી જો કોંગ્રેસ પાર્ટી પણ ખોટુ કામ કરતી હોય તો તેની પણ શીર્ષ નેતૃત્વ સાથે વાત કરી છે. હું રાજનીતિમાં ધંધા માટે નહિ પણ શોખથી આવ્યો છું. મારી વાત કરવાની પધ્ધતિ ખોટી નથી. જે પ્રમાણે ભાજપ સામન્ય લોકોને દબાવવાની વાત કરે છે તેનો હું વિરોધ કરૂ છું.

### ચૂંટણી પૂર્ણ થયા બાદ એ.વી. રીબડીયા સામે પગલા લેવાની ખાતરી બાદ

# ધારાસભ્યની હાજરીમાં બગસરા સથવારા સમાજ દ્વારા સમાધાન

બગસરા,તા.૩

બગસરાનાં સથવારા સમાજનાં ઉપપ્રમુખનું પાલિકા પ્રમુખ પતિ દ્વારા થયેલ અપમાન બાબતે અંતે ધારાસભ્યની મધ્યસ્થીને લીધે સુખદ સમાધાન થયું હતું. જોકે ચૂંટણી પછી પાલિકા પ્રમુખ પતિ પર પગલાં લેવા ભાજપ દ્વારા ખાતરી આપવામાં આવી છે. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા બગસરા નગરપાલિકાના પ્રમુખ પતિ એ.વી. રીબડીયા દ્વારા ભાજપનાં એક સામાજિક કાર્યક્રમમાં મંચ ઉપરથી સથવારા સમાજના ઉપપ્રમુખ દિનેશભાઈ હડિયલને ઉતારી અપમાન કર્યું હતું. આ બાબતમાં સથવારા સમાજ દ્વારા મતદાનના બહિષ્કારનો નિર્ણય લેતા તેમજ શહેરની અન્ય સામાજિક સંસ્થાઓનો પણ ટેકો મળતા મામલો વધુ વેગ પકડે તે પહેલા જ ધારાસભ્ય જે.વી. કાકડીયાએ રાત્રિ દરમિયાન બગસરા આવી સથવારા સમાજના આગેવાનો સાથે બેઠક કરી હતી. જેમાં આગેવાનોએ ભાજપની નિષ્ક્રિયતા બાબતે ખૂબ જ રોષ ઠાલવ્યો હતો. જોકે આ મામલે ધારાસભ્ય દ્વારા ચૂંટણી પછી પાલિકા પ્રમુખ પતિ એ.વી. રીબડીયા પર પગલાં લેવાની ખાતરી આપવામાં આવતા અંતે ઘી ના ઠામમાં ઘી પડી ગયું હતું.



તસવીર : હાર્દીક બામટા

# વડિયા ધુંધળીનાથ મહાદેવ મંદિર ખાતે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

વડિયા,તા.૩

વડિયા કૃષ્ણપરા વિસ્તારમાં અતિ પૌરાણિક ધુંધળીનાથ મહાદેવનું મંદિર આવેલ છે જ્યાં ધુંધળીનાથ મહાદેવ સાથે અંબા માતાજી પણ બિરાજે છે. જેમાં છેલ્લા કેટલાક સમયથી અંબા માતાજીની મૂર્તિ ખંડિત થઈ ગઈ હતી ત્યારે રજનીકાંત ભટ્ટ પરિવાર દ્વારા નવી મૂર્તિ બિરાજમાન કરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી અને હવન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ તકે ગામના આગેવાનો દ્વારા રજનીકાંતભાઈ ભટ્ટનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામલોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# ઈશ્વરીયામાં આજે અમરેલી જિલ્લા સહકાર સંમેલન યોજાશે

અમરેલી, તા.૩

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા સહકારથી સમૃદ્ધિના સૂત્રને સાકાર કરવા અને સહકારની યાત્રા આગળ વધારવા માટે તેમજ છેવાડાના માનવીને મદદરૂપ થવાના આશયથી અમરેલી જિલ્લા સહકાર પરિવાર દ્વારા અમરેલી તાલુકાના ઈશ્વરીયા ગામે આજરોજ સહકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ સહકારી આગેવાનો, બંધુઓને પધારવા આમંત્રણ આપવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ખાસ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મુખ્ય મહેમાન તરીકે વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ નારણભાઈ કાછડીયા હાજર રહેશે. તેમજ અતિથિ વિશેષ તરીકે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય જે.વી. કાકડીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમના આયોજક અને નિમંત્રક અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા તેમજ અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેન મનીષભાઈ સંઘાણી છે. આ સહકાર સંમેલનમાં હાજર રહેવા સહકારી આગેવાનોને અનુરોધ કરાયો છે.

# લોકસભાની ચૂંટણીમાં બહોળી સંખ્યામાં મતદાન કરવા જિલ્લાવાસીઓને કલેકટરે અનુરોધ કર્યો

અમરેલી,તા.૩

અમરેલી લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત આગામી તા.૦૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ મતદાન પ્રક્રિયા યોજાશે. અમરેલી જિલ્લાના મતદારોને ઉત્સાહપૂર્વક મતદાન કરવા માટે અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાએ અનુરોધ કર્યો છે. મતદાન જાગૃતિના એક સંદેશમાં તેમણે જણાવ્યુ કે, અમરેલીના



યુવાનો, સિનિયર સિટીઝન્સ, દિવ્યાંગજનો, થર્ડ જેન્ડર અને તમામ મતદારો અગ્રેસર રીતે નીડર અને નિર્ણાયક બની મતદાન કરો. અમરેલી જિલ્લાની સર્વે માતાઓ અને બહેનો ચૂંટણીના મહાપર્વમાં અવશ્ય મતદાન કરો. ભારતીય ચૂંટણીપંચે મતદાન બુથ સુધી ન જઈ શકે તેવા દિવ્યાંગ અને ૮૫ વર્ષથી વધુ વયના વયસ્ક મતદારો માટે ઘરબેઠાં મતદાનની વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત બુથ પર ૮૫ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન્સ અને દિવ્યાંગ મતદારો માટે રેમ્પ તથા વ્હીલચેર અને સ્વયંસેવકોની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌ સાથે મળીને સફળ અને ઉત્તમ લોકશાહીનું નિર્માણ કરવા માટે સંકલ્પબદ્ધ થઈને આગામી લોકસભાની ચૂંટણીમાં આગામી તા.૭ મે ને મંગળવારના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાનાર લોકશાહીના મહાપર્વમાં અવશ્ય મતદાન કરવા અને લોકશાહીના આ મહાપર્વની ઉજવણી કરવા અનુરોધ કર્યો છે.









# અંટાળીયા મહાદેવના સાનિધ્યમાં કોંગ્રેસના કેન્દ્ર સરકાર પર પ્રહારો






અમરેલી,તા.૩

લીલીયાના અંટાળીયામાં કોંગ્રેસે જાહેર સભા રાખી હતી. અંટાળીયા મહાદેવના સાનિધ્યમાં પ્રતાપ દુધાતનો મહાદેવનો થાળ રાખવામાં આવ્યો હતો. આ તકે જેનીબેન ઠુમ્મરે જણાવ્યું, ભાજપના ઉમેદવાર કેશુભાઈ પટેલ સાથે સરખામણી કરી રહ્યા છે તે કેટલા અંશે વાજબી છે? ભાજપના મિત્રો તંદુરસ્ત રાજકારણ કરો કાર્યકરોને દબાવવાની વાત ન કરો. આ તકે લીલીયા રેલવેના ફાટક પર ઓવરબ્રીજની જે માંગણી છે તેને હું ૧૦૦ % ન્યાય આપીશ. આ પ્રસંગે પ્રતાપ દુધાત ફરી આક્રમક અંદાજમાં જાવા મળ્યા હતા. પ્રતાપ દુધાતે જણાવ્યુ હતું કે મારા કાર્યકરો અને કોંગ્રેસ સમર્થકોને ફોન દ્વારા ધમકી આપતા લોકો મારી સાથે વાત કરે, મારા કાર્યકરને દબાવવાની કોશિશ ન કરે. પ્રતાપ દુધાત જીવે છે ત્યાં સુધી મારા કાર્યકરોનો વાળ વાંકો નહી થવા દઉં. આ પ્રસંગે પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મરે વેકસીન પ્રશ્ને સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે સારૂ થયુ આ લોકો પોલીયોની રસી સમયે ન હતા નહિતર અડધુ ભારત વિકલાંગ હોત. ત્યારબાદ કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર બગસરા- ધારી-ચલાલાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે હતા ત્યારે લોકોના આશીર્વાદ મેળવતા જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતું કે આ વિસ્તારના ખેડૂતો ખુબ મહેનતુ છે ત્યારે ખેડૂતોને ખેતી કરવી મોંઘી થઈ છે ત્યારે ખેડૂતોને પુરતી ઉપજના ભાવો મળતા નથી. રત્નકલાકારો મંદિના કારણે પુરતી રોજગારી મેળવી શકતા નથી. આંગણવાડી, હેલ્થ વર્કર બહેનોને કામના પ્રમાણમાં પુરતો પગાર મળતો નથી. હોમગાર્ડના જવાનોને રૂ.૭૦૦ અને જી.આર.ડી.ના જવાનને દૈનિક રૂ.૫૦૦ તેમજ વિધવા અને વૃધ્ધ પેન્શન સહાય રૂ. ૨૫૦૦ કરવામાં આવે તેવી રાજય સરકાર પાસે અમારી માંગણી છે. આ વિસ્તારના કેરીનો પાક લેતા ખેડૂતોને વિમાથી સુરક્ષીત કરવામાં આવે તેવી અમારી માંગણી છે. ધારી- બગસરા-ચલાલા વિસ્તારમાં અનેક ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો આવેલા છે ત્યારે અહીંયા પ્રવાસન ઉદ્યોગનો વિકાસ થાય તેમ છે. પશુપાલકોને પુરતું પ્રોત્સાહન મળે અને પશુપાલનને વેગ મળે તો આ વિસ્તારમાં બહેનોને રોજગારી મળી શકે. આ વિસ્તારમાં પુરતી શૈક્ષણિક સંસ્થાઓ નથી ત્યારે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ આ વિસ્તારમાં ખુલે તેવી અમારી માંગણી છે. અને સાથે સાથે આરોગ્યની દષ્ટીએ અહીંના આરોગ્ય કેન્દ્રમાં પુરતો સ્ટાફ ભરાય અને આધુનિક મશીનરી આવે તેવા અમારા પ્રયાસો રહેશે. વન્ય પ્રાણીઓની રંજાડ સામે વન વિભાગ પુરતી સુરક્ષા પુરી પાડે અને જંગલ વિસ્તારની બોર્ડરના ગામોમાં તાલીમી સ્ટાફની કાયમી નિમણૂક આપે જેથી વન્ય પ્રાણી અને લોકો બન્નેને સુરક્ષા મળી શકે તેવા અમારા પ્રયાસો રહેશે.

**કોંગ્રેસ ઉમેદવાર જેની ઠુમ્મરે ચલાલા, ધારી, બગસરાનો પ્રવાસ ખેડયો**

## અમરેલીમાં આજે મુકુલ વાસનીકની જાહેર સભા

ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે અમરેલી શહેર ખાતે કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને ગુજરાત પ્રદેશ સમિતિના પ્રભારી મુકુલ વાસનીકની જાહેર સભા આજરોજ સાંજના ૭ કલાકે ડો. જીવરાજ મહેતા ચોકમાં રાખવામાં આવી છે.

# સરદાર પટેલ ગ્રૃપ દ્વારા રાહત દરે ચોપડા વિતરણનો પ્રારંભ કરાયો



અમરેલી,તા.૩

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ ગ્રુપ દ્વારા અમરેલી ખાતે રાહત દરે ચોપડા વિતરણનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં હાલની મોંઘવારીને ધ્યાનમાં રાખી અને સારી કવોલિટી મળી રહે તેવા હેતુથી અમરેલીની જનતા માટે રાહત દરે ચોપડા વિતરણનું આયોજન સરદાર પટેલ ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું છે કે જૂજ સ્ટોક હાજરમાં હોય વહેલા તે પહેલા સસ્તા અને સારા ગુણવત્તાયુક્ત ચોપડા મેળવવા માટે અમરેલી જીલ્લા સહકારી સંઘ લાયબ્રેરીની બાજુમાં, સરદાર પટેલ ક્રેડિટ કો ઓપેરેટિવ સોસાયટી લી. ભીડભંજન સામે અને અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી જેશિંગપરા ખાતેથી વેચાણ કરવામાં આવી રહ્યું છે.


# અમરેલીના વડિયા ગામે મતદાન જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો




વડિયા,તા.૩

વડિયામાં મતદાનને લોકશાહીનું સૌથી મોટુ પર્વ ગણી શાળાના શિક્ષકો દ્વારા ગ્રામપંચાયતના પટાંગણમાં ‘ચૂનાવ કા પર્વ દેશ કા પર્વ’ ના સ્ટીકર લગાવી અચુક મતદાન કરવા મતદાનનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો. ઉપરાંત વિવિધ પ્રકારની રંગોળી અને સુશોભન કરી લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી.

# સાવરકુંડલા તાનારીરી સંગીત વિદ્યાલયમાં સંગીતની પ્રાયોગિક પરીક્ષા યોજાઈ



સાવરકુંડલા,તા.૩

તાનારીરી સંગીત વિદ્યાલયમાં એપ્રિલ ૨૦૨૪માં દ્વિતીય સત્રની પ્રાયોગિક પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં નાના-મોટા બાળકો અને ગૃહિણીઓએ પણ પરીક્ષા આપી હતી. બાળકોમાં પરીક્ષાનો આનંદ પણ ખુબ જોવા મળ્યો હતો. માધવ સંગીત વિદ્યાલયના બાળકોએ પણ પરીક્ષામાં ભાગ લીધો હતો. આ પરીક્ષા શિવાનીબહેન વ્યાસ અમરેલી દ્વારા લેવામાં આવી હતી. સાથે જ તેમના પતિ અને કલાના ચાહક એવા વિપુલભાઈ વ્યાસ પ્રિન્સિપાલ-નૂતન મિડલ સ્કૂલ અમરેલી પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે બાળકોની સંગીત પ્રત્યેની લગન અને મહેનત જોઈને બાળકોને ખુબ પ્રોત્સાહિત પણ કર્યા હતા. વધતા જતા અભ્યાસના ભારણ વચ્ચે પણ આટલી લગન અને ઉત્સાહથી સંગીત શીખવા અને પરીક્ષા આપવા બદલ બધા વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ


વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા


ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી






# સમસ્ત અમરેલી વેપારી મહાજનોનો સ્નેહમિલન સમારોહ યોજાશે

અમરેલી, તા.૩

લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને ત્રીજી વખત વડાપ્રધાન તરીકે મોદી શપથ લે, તેમજ જિલ્લાના વિકાસના કામને આગળ લઈ જવા માટે સામૂહિક રીતે સમજદારી, વફાદારી અને જવાબદારી પૂર્વક આગળ વધી શકે તે માટે સમસ્ત અમરેલી વેપારી મહાજનોનો સ્નેહમિલન સમારોહ યોજાશે. આજરોજ સાંજના ૬ કલાકે હનુમાનપરામાં કડવા પટેલની વાડી ખાતે યોજાનારા સ્નેહમિલન કાર્યક્રમમાં પધારવા તમામ વેપારીઓને જણાવાયું છે.

## અવસાન નોંધ

**બગસરા**

સ્વ. લાભુબેન(ઉ.વ.૮૭) તા. ૦૧/૦૫/૨૦૨૪ને બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ઉષાબેન, પંકજબેન, રશ્મિબેન, બીનાબેનના માતૃશ્રી થાય છે. તેમની સાદડી તા.૦૪/૦૫/૨૦૨૪ના રોજ સાંજે ૪થીદ્ જૂની ખત્રી સમાજની વાડી ખત્રીવાડ, બગસરા ખાતે રાખેલ છે.

**અમરેલી**

સ્વ. જાળીયા નિવાસી ભનુભાઈ રણછોડભાઈ કારીયા (ઉ.વ. ૮૫) તે કિશોરભાઈ (કારીયા ટીવી સેન્ટર) તથા અશ્વિનભાઈ તેમજ રેખાબેન જગદીશભાઈ નગદીયા તથા આશાભાઈ ધરજીભાઈ કારીયાના પિતા તેમજ વંદન, આકાશ, નયન, હર્ષદના દાદાનું અવસાન થયેલ છે. તેમનું સદગતનું ઉઠમણું તા.ર/૫/૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમરેલી મુકામે પટેલવાડી, હિરામોતી ચોક ખાતે રાખેલ છે.

**સંકુલ PG & પ્રોફેશનલ કોલેજ ફી 24-25**

| ધોરણ | છમાસિક-ફી | ધોરણ | છમાસિક-ફી |
|---|---|---|---|
| M.Sc. કોલેજ MB-BT | ૨૦૦૦૦ | B.Pharm કોલેજ | ૩૦૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| B.Ed. કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| MBA કોલેજ | ૨૨૫૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |
| MCA કોલેજ | ૨૨૫૦૦ | ધો. ૧ થી ૧૦ CBSE | પ્રોસેસ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળઃ- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 015

॥ બજરંગ સ્ટીલ ॥

અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે

સ્થળઃ લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી

અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

વી. કે. મોટર્સ

VK MOTORS Giving you joy of Best Ride... MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail : kanpariyavipul4025@gmail.com

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **સારીકાબેન કૈલાશભાઈ પારેખ** મારુ નામ **સારીકાબેન કૈલાશચંદ્ર પારેખ** થી બદલાવીને **સારીકાબેન કૈલાશભાઈ પારેખ** કરેલ છે જેથી હું હવે **સારીકાબેન કૈલાશભાઈ પારેખ** તરીકે ઓળખાઈશ

**સરનામુઃ** લાઠી રોડ, સમર્થનગર, ભગની છાત્રાલય પાસે, અમરેલી.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **કૈલાશભાઈ પ્રવીણભાઈ પારેખ** મારુ નામ **કૈલાશચંદ્ર પ્રવીણચંદ્ર પારેખ** થી બદલાવીને **કૈલાશભાઈ પ્રવીણભાઈ પારેખ** કરેલ છે જેથી હું હવે **કૈલાશભાઈ પ્રવીણભાઈ પારેખ** તરીકે ઓળખાઈશ

**સરનામુઃ** લાઠી રોડ, સમર્થનગર,ભગીની છાત્રાલય પાસે, અમરેલી.




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444

For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator

Buy online at: www.voltas.com

Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator | Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers. | Follow us at My Voltas, My Voltas, My Voltas, Voltas Limited, My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# બળાત્કાર અને આઈટી એક્ટનાં ગુનેગારને કલાકોમાં પકડી પાડતી રાજુલા પોલીસ


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૩

રાજુલા પોલીસે બળાત્કાર તથા આઈ.ટી.એક્ટનાં ગુનાનાં આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડી સરાહનીય કામગીરી કરી છે. આ ગુનાના કામના આરોપીએ ફરિયાદી સાથે પ્રથમ મિત્રતા કેળવી બાદમાં ફરિયાદીના ઘરે આવી ફરિયાદીને ખબર પડે તેમ ફરિયાદી ન્હાતા હોય તેનો વીડિયો ઉતારી લીધો હતો અને બાદમાં ફરિયાદીને બ્લેકમેઈલ કરી ફરિયાદીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધી અનેક વખત બળાત્કાર ગુજાર્યો હતો. એટલું જ નહીં ફરિયાદીને ધમકી આપી હતી કે જો તે કોઈને આ વાત કરશે તો તેને બદનામ કરશે. આ કેસની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં દાખલ થતા રાજુલા પોલીસે આરોપી પ્રવિણ જેઠાભાઈ મેરીયા (ઉં.વ. ૩૯, રહે. રાજુલા, મૂળ રહે. કેરીયા નાગસ ગામ તા.જી.અમરેલી)ને ગણતરીના કલાકોમાં પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધારીના ઝર ગામે સિંહણે ગાયનો શિકાર કરતા ગ્રામજનોમાં ભય



અમરેલી,તા.૩

અમરેલી જિલ્લામાં સિંહોની ગામમાં ઘૂસી આવવાની ઘટના હવે સામાન્ય બની જવા પામી છે. શિકારની શોધમાં સિંહો ગામમાં ઘૂસી આવતા હોવાથી ગ્રામજનોમાં પણ ભયનો માહોલ છવાયો છે. જેમાં શિકારની શોધમાં ધારી તાલુકાના ઝર ગામમાં રાત્રિના સમયે ઘૂસી આવેલી સિંહણે રખડતા પશુનો શિકાર કર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. સિંહણ મારણ આરોગી રહી હતી ત્યારે જ ગામલોકો જાગી જતા મારણ છોડીને જંગલ તરફ ચાલી ગઈ હતી. ધારી તાલુકાના ઝર ગામમાં રખડતા પશુના શિકારની ઘટના બની છે. રાત્રિના સમયે ગામમાં આવેલી સિંહણે પશુનો શિકાર કર્યો હતો. શિકારનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. શિકારની શોધમાં વન્યપ્રાણીઓ ગામમાં ઘૂસી આવતા હોવાથી ગ્રામજનોમાં પણ ફફડાટ ફેલાયો છે.

# દોલતી ગામે આગ નહીં ઓલવીને રૂ.૧૫ હજારનું નુકસાન કર્યાની રાવ

સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલાના દોલતી ગામે રહેતા ભાભલુભાઈ દદુભાઈ ચાંદુ (ઉ.વ.૫૬)એ ગભરૂભાઈ રાણીંગભાઈ મન, શીવરાજભાઈ ગભરૂભાઈ મન સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવની વિગત પ્રમાણે, તેમની જમીનમાંથી આરોપીની વાડીએ જવાનો રસ્તો હોય પરંતુ તે રસ્તો તેનો કાયદેસરનો ન હોવાથી તેમણે રસ્તો બંધ કર્યો હતો. તેનું મનદુઃખ રાખીને ઈરાદાપૂર્વકનું નુકસાન કરવાના ઈરાદાથી શેઢા પાડોશી આરોપીઓએ તેની જમીનમાં આવેલ ઘઉંનું કુવળ (ઠુઠા) સળગાવ્યું હતું. જેથી તેના જુના મકાનના કાટમાળ તથા શેઢામાં આગ લાગી હતી અને તે જાણી જોઈને નહીં ઓલવતાં રૂા.૧૫,૦૦૦નું નુકસાન કર્યુ હતું.

# પ્રાથમિક શાળા -નાની કુંકાવાવમાં વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી

કુકાવાવ, તા.૩

ગુજરાત સ્થાપના દિન ૨૦૨૪ના રોજ ગરવી ગુજરાત થીમ ઉપર નાની કુંકાવાવ શાળા પરિસર ખાતે વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સરસ્વતી વંદનાથી કાર્યક્રમના મંગળ પ્રારંભ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ તકે ગામના સરપંચ



શોભનાબેન ઢોલરીયા, જિલ્લા અધ્યક્ષ નીલેશભાઈ રાણપરીયા અને પૂર્વ તા.પં. પ્રમુખ બાવાલાલ મોવલિયા અને લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ કૌશિક હપાણી સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ સરકારી શાળામાં અભ્યાસ કરાવવા વાલીઓને અપીલ કરી હતી. બહાર વસતા આ ગામના હજારો લોકોએ સમગ્ર ઉત્સવ ઓનલાઈન પણ નિહાળ્યો હતો.

# અમરેલી જિલ્લામાંથી બે પુરુષો લાપતા બન્યા

અમરેલી, તા.૩

અમરેલી જિલ્લામાંથી લાપતા થવાનો સિલસિલો શરૂ જ છે. મૂળ લાઠીના દુધાળા ગામના અને હાલ સુરતમાં રહેતા તુષારભાઈ મનસુખભાઈ જોધાણી (ઉ.વ.૩૫) એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા મનસુખભાઈ મધુભાઈ જોધાણી (ઉ.વ.૫૮) ૧૦ દિવસ પહેલા લાઠી ટાઉન ચાવંડ દરવાજા પાસેથી ક્યાંક જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે. મોટી કુંકાવાવમાં રહેતા ભાવનાબેન કરણભાઈ ધાધલ (ઉ.વ.૨૪) એ જાહેર કર્યા મુજબ, કરણભાઈ હરીભાઈ ધાધલ ઘરેથી કોઈને કંઈ જાણ કર્યા વગર ક્યાંક જતા રહ્યા હતા. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી.કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં મજાક દરમિયાન ગાળો બોલવાની ના પાડતાં ઢીકાપાટુ માર્યા

## પત્રકારે બે ઇસમો સામે ફરિયાદ નોંધાવી

સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલામાં રહેતા અને પત્રકાર તરીકે ફરજ બજાવતાં એક યુવકે મજાક દરમિયાન ગાળો આપવાની ના પાડતાં ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે અરમાનભાઈ સલીમભાઈ ધાનાણી (ઉ.વ.૨૪)એ ફિરોઝખાન દિલાવરખાન પઠાણ અને અરબાઝ ફિરોઝખાન પઠાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા આરોપી બેઠા હતા અને મજાક કરતા હતા. આ દરમિયાન ફિરોઝખાન ગાળો આપવા લાગ્યો હતો. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતાં સારું નહોતું લાગ્યું અને ઢીકાપાટુનો માર માર્યો હતો તથા પથ્થર વડે માથાના પાછળના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# દેવળા ગામે પરિણીતાએ ભૂલથી ઝેરી દવા પીધી

## કબજીયાતની દવાની બોટલને બદલે ઝેરી દવાની બોટલ ગટગટાવી

ધારી, તા.૩

ધારીના દેવળા ગામે રહેતી એક મહિલાએ ભૂલથી ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડાઈ હતી. ઉષાબેન મનુભાઈ દાફડા (ઉ.વ.૩૭) એ જાહેર કર્યા મુજબ, તેમને કબજીયાતની તકલીફ હતી. જેથી તેમણે રહેણાંક મકાને ઘરના ટાંકા પર પડેલી કબજીયાતની દવાની બોટલના બદલે તેની બાજુમાં પડેલી અન્ય ઝેરી દવાની બોટલમાંથી થોડી દવા પી લીધી હતી.

ધારી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એચ.એચ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# મજૂરીના પૈસા આપવાના બદલે છુટ્ટા પથ્થરના ઘા મારી ગાળો આપી

## સા.કુંડલા મહુવા રોડ પર ગીરધરવાવ પાસે બનાવ બન્યો

સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલા મહુવા રોડ પર ગીરધરવાવ પાસે એક યુવકે મજૂરીના પૈસા માંગતા આપવાના બદલે પથ્થના છુટ્ટા ઘા મારી ઈજા પહોંચાડવામાં આવી હતી. બનાવ અંગે રવજીભાઈ ભાણાભાઈ શિયાળ (ઉ.વ.૨૭)એ આકાશભાઈ રમેશભાઈ ચીભડીયા, રવીભાઈ રમેશભાઈ ચીભડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા રવીભાઈ ચીભડીયા અને બીજા મજૂરો વાપી મજૂરી કામે ગયા હતા. જે મજૂરીના પૈસા ન આપતાં આકાશભાઈએ પાછળથી આવી લાકડાના છ ઘા માર્યા હતા.

ઉપરાંત બંનેએ મુંઢમાર મારીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.એસ.વનરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અગિયારસ
તા. ૦૪-૦૫-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૭,
સૂર્યાસ્ત-૦૬:૫૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૫-૨૦૨૪ શનિવાર

મેષ: આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ઉકેલાશે.

વૃષભ: આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે.

મિથુન: લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

કર્ક: આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે.

સિંહ: પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે.

કન્યા: તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો.

તુલા: વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિવાહિત જીવનમાં મધુરતા આવશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, દૈનિક વેપારીઓને કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ થવાની અપેક્ષા છે.

ધન: તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો.

મકર: આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવા મહત્વપૂર્ણ છે. પરિવારનું વાતાવરણ સુખદ રહેશે.

કુંભ: આજે દિવસની શરૂઆતમાં તમે જે કામ ઉત્સાહ સાથે કરશો તે પૂર્ણ થશે. પરંતુ બેદરકારી અને આળસને ટાળો નહીં તો પછીથી તમે પસ્તાશો.

મીન: આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, જો તમારી પાસે ઓફિસમાં સમય હોય તો, અધૂરા વ્યવસાયને પૂર્ણ કરો.

# નાજાપુર ગામે બારમાની વિધિમાં આવેલા યુવકને ઢીકાપાટુ માર્યા

## યુવક પત્ની સાથે સાસરિયામાં આવ્યો હતો

વડિયા, તા.૩

વડિયાના નાજાપુર ગામે સાસરિયામાં બારમાની વિધિમાં આવેલા યુવકને ઢીકાપાટુનો માર માર્યો હતો. બનાવ અંગે જેતપુર જિલ્લાના ચારણ સમઢીયાળા ગામના શૈલેષભાઈ વાલજીભાઈ આહુ (ઉ.વ.૩૧)એ અમીતભાઈ વાલજીભાઈ રાઠોડ, એક મહિલા અને કનુભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના સાસરિયામાં મરણ થયું હોવાથી બારમાની વિધિમાં નાજાપુર ગામે આવ્યા હતા. વિધિ પતાવી પોતે તથા તેમના પત્ની સંગીતાબેન તથા તેમના બા મધુબેન ત્રણેય મો.સા. ઉપર બેસી ઘરે જવા નીકળેલ તે વખતે તેમના પત્ની મોટર સાયકલ પરથી પડી જતા ત્રણેય આરોપીઓ દોડી આવ્યા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. તેમને બડીયાનો ઘા માથાના ભાગે માર્યા હતા. ઉપરાંત ઢીકાપાટુનો માર માર્યો હતો. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી.કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી સિટીમાંથી વિદેશી દારૂની ૫ બોટલ ઝડપાઈ

## જિલ્લામાં ૨૩ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળતા પોલીસની કાર્યવાહી

અમરેલી, તા.૩

અમરેલી સિટીમાં સુળીયાટીંબા કુંકાવાવ રોડ પરથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫ બોટલ ઝડપાઈ હતી. પોલીસે ૧૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચલાલામાં ધારી રોડ પરથી એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની એક બોટલ સાથે ઝડપાયો હતો.

આ સિવાય જિલ્લામાં ૨૩ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.


**અમરેલી જિલ્લા સાવરકુંડલા તાલુકાના કુંડલા ગામે શોરાવાડીમાં આવેલ પ્લોટ નંબર -૩૨ પૈકીના વચ્ચે નો ભાગ ની મિલકત ના ટાઈટલ કલીયર સર્ટીફિકેટ અંગે**

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, દિનેશભાઈ છગનભાઈ રાઠોડ, રહે- સાવરકુંડલા, ઠે. પારેખવાડી વાળાની માલિકી કબજા ભોગવટા ની રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી ના સબ- ડીસ્ટ્રીકટ સાવરકુંડલા ના કુંડલા ગામે **શોરાવાડી ની બિનખેતી સર્વે નંબર ૩૯૩/૧ પૈકી તથા સર્વે નંબર ૩૯૭ પૈકી કુલ એકર ૫-૧૬ ગુઠા ની જમીન માં પાડવામાં આવેલ પ્લોટ પૈકી પ્લોટ નંબર -૩૨ પૈકીનો વચ્ચે નો ભાગ, જેના કુલ ચો.મી.૬૪-૦૩ છે** જેમાં ૪૯.૧૯ ચો.મી. માં મકાન નું બાંધકામ કરવામાં આવેલ છે. સદર હું મિલકત અમારા અસીલ સંજયકુમાર પી. જેઠવા ખરીદ કરવા માગે છે તો સદર હું મિલકત નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરતાં પહેલા અમારા અસીલે ઉપરોકત મિલકત ના ટાઈટલ કલીયર સર્ટીફિકેટ અમો ની પાસે માંગેલ છે.

તો સદર હું મીલ્કતનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપતા પહેલા સદર હું મિલ્કત પરત્વે કોઈ ના વેચાણથી, બક્ષીસ થી, વારસાઈ થી, બાનાખતથી, કે ગીરો, લીયન, ચાર્જ કે બીજા કોઈ પણ રીતે હકક હિસ્સો અગ્રહકક કે જીવાઈ નો દાવો તેમજ કોઈપણ વ્યકિત, સરકારી તથા અર્ધસરકારી ઓફીસો તેમજ તેમના કોઈપણ પદાધિકારીઓ,ઓફીસરો તથા સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીનો તથા બેંક, સહકારી, અર્ધસહકારી, સંસ્થાના તારણમાં હોઈ કે તેમનો કોઈપણ પ્રકારનો બોજો હોય કે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેમજ ઉપરોકત ગુમ થયેલ કુલ મુખત્યારનામું કોઈપણ ના કબજામાં હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા થી **દિવસ-૭** માં અમોને નીચે જણાવેલ સરનામે લેખીત વાંધાઓ દસ્તાવેજી પુરાવઓ સાથે મળી જાય તે રીતે રજી. પોસ્ટથી મોકલવા. ઉપરોકત સમય મર્યાદામાં વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી અન્યથા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની સરદ હુ મીલ્કત નું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે અને સદર હું મિલકત નો વેચાણ દસ્તાવેજ કરવામાં આવશે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**વિજયભાઇ અજમેરા એડવોકેટ, નોટરી**
૧૨-સુરભિ કોમ્પ્લેક્ષ, હોમગાર્ડ ઓફિસની બાજુમાં, મહુવારોડ, સાવરકુંડલા,
જી. અમરેલી- ૩૬૪૫૧૫, મો.+૯૧ ૯૮૭૯૫ ૨૩૯૦૦


# દેવપરા ભેરાઈ ગામના પાટીયા પાસે પાંચ લોકોએ પુરુષ પર હુમલો કર્યો

રાજુલા, તા.૩

રાજુલામાં દેવપરા ભેરાઈ ગામના પાટીયા પાસે એક પુરુષ પર પાંચ અજાણ્યા ઈસમોએ હુમલો કર્યો હતો અને કારના કાચ તોડી નાંખ્યા હતા. ઉપરાંત ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મૂળ અમદાવાદના શીલજ ગામના અને હાલ રાજુલા છતડીયા રોડ પર રહેતા રાજેશ કૃષ્ણદાસએ પાંચ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, અજાણ્યા ઈસમોએ તેમની ફોરવ્હીલ દેવપરા ભેરાઈ ગામના પાટીયા પાસે ઉભી રખાવી હતી. કોઈ મનદુઃખ રાખેલ હોય કે અન્ય કોઈ કોન્ટ્રાકટ રાખવા બાબતનું મનદુઃખ રાખી અજાણ્યા માણસોએ ભેગા મળી તેમની તથા સાહેદ ઉપર હુમલો કરી ફોરવ્હીલ કારના કાચ તોડી રૂ.૩૦,૦૦૦ નું નુકસાન કર્યુ હતું. ઉપરાંત ગાળો બોલીને મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીમાં ગાંધીબાગ પાસેથી બાઈક ચોરાયું

અમરેલી, તા.૩

અમરેલીમાં ગાંધીબાગ પાસેથી જસદણના ગઢડીયા (જામ) ગામે રહેતા યુવકનું બાઈક ચોરાયું હતું. બનાવ અંગે હીરાભાઈ ભલાભાઈ જાંબુકીયાએ જાહેર કર્યા મુજબ, તેમણે ગાંધીબાગના દરવાજા પાસે બાઈક પાર્ક કર્યુ હતું. જેની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.વી.લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીઝ માટે તાઈવાનનો સહકાર

ગુજરાતમાં સેમિકન્ડક્ટરના મેગા પ્લાન્ટ આવી રહ્યા છે જેમાં ધોલેરા સરમાં ટાટા કંપનીનો પ્લાન્ટ કાર્યરત થશે આ ઉપરાંત સેમિકન્ડક્ટર ટેકનોલોજીમાં નંબર વન બનવા માટે તાઈવાન સાથેના સંબંધો ભારત ઝડપભેર સુધારી રહ્યું છે. વિશ્વમાં તાઈવાન એવો દેશ છે જે સેમિકન્ડક્ટર ચીપ ઉત્પાદનમાં નંબર વન છે તેની પાસે જે ટેકનોલોજી છે તે વિશ્વના અન્ય કોઈ દેશ પાસે નથી. ભારત પણ હવે સેમિકન્ડક્ટરમાં ઝડપભેર પ્રગતિ કરી રહ્યું છે ત્યારે તાઈવાન સાથેના સંબંધો સુધારવા જરૂરી બની જાય છે કારણ કે તાઈવાનની મદદ વિના સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં નંબર વન બનવું કપરૂં કામ છે અત્યાર સુધી આપણે વન-ચાઈનાની નીતિ રાખી છે તે હવે બદલવાની જરૂર છે. આગામી ૨૦૨૪ ની આ ચૂંટણી પતી જાય પછી આ અંગેની કાર્યવાહી ઝડપભેર આગળ વધે તેવી શક્યતાઓ છે. ગત ઓગસ્ટ મહિનામાં ભારતના ત્રણ પૂર્વ સેના પ્રમુખો તાઈવાનની મુલાકાતે ગયા હતા. પ્રશાંત મહાસાગરની સુરક્ષા માટે એક મિટિંગમાં તેઓ હાજરી આપવા ગયા હતા. ત્યાર પછી તાઈવાન સાથેના સંબંધો સુધારવા માટે ભારતે પ્રયાસ કર્યો છે. ભારતના પૂર્વ સેના પ્રમુખ જનરલ એમ.એમ. નરવણે, નૌકાદળના પૂર્વ પ્રમુખ એડમિરલ કરમબીર સિંહ અને પૂર્વ વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ આર.કે.એસ. ભદુરિયા તેઓ કેતાગલાન ફોરમમાં ભાગ લેવા ગયા હતા, જે ભારત- પ્રશાંત સુરક્ષાનો વાર્ષિક કાર્યક્રમ હતો. જેને તાઈવાન સરકાર દ્વારા આયોજિત કરાય છે. આ બિનઆધિકારીક યાત્રા હતી, પરંતુ સંદેશો સ્પષ્ટ છે - ભારત તાઈવાન સાથે સંવાદ-પ્રક્રિયાને આગળ વધારી રહ્યું છે- માત્ર સાંસ્કૃતિક અને આર્થિક નહીં, પરંતુ વ્યૂહાત્મક સ્તરે પણ આ એક મહત્ત્વપૂર્ણ પરિવર્તન છે. ભારતના તાઈવાન સાથે આધિકારિક સંબંધ નથી. હકીકતમાં દુનિયામાં ૧૨ જ દેશે તાઈવાનને માન્યતા આપી છે. બાકીના ચીન અને તેની રાજધાની બીજિંગને માન્યતા આપે છે. અહીં ભારત અને તાઈવાનના સંબંધો પર એક દષ્ટિપાત કરવો જરૂરી છે. ડિસેમ્બર- ૧૯૪૯માં ભારત ચીનને માન્યતા આપનારા પ્રથમ એશિયન દેશોમાંથી એક બન્યું હતું. આગામી ૪૫ વર્ષ સુધી ભારત અને તાઈવાન વચ્ચે કોઈ ઔપચારિક સંપર્ક રહ્યો ન હતો. ગતિરોધની સ્થિતિ હતી. તાઈવાનનું વલણ પણ અતિવાદી હતું. તે પોતાની વન-ચાઈના નીતિ પર અડગ રહ્યું, જેમાં તાઈપેઈ સત્તાનું કેન્દ્ર હતું. તિબેટ અને મેકમોહન લાઈન પર તેની પોઝિશન એવી જ હતી, જે ચીનની હતી. તેના અમેરિકા સાથે ગાઢ સંબંધ હતા, પરંતુ ભારત જેવા દેશોમાં તેને વધુ રસ ન હતો. જોકે, ૧૯૯૦ના દાયકામાં ભારતની વિદેશ નીતિ બદલાઈ. તેણે લુક-ઈસ્ટ નીતિ અપનાવી, જેના કારણે તાઈવાન સાથે સંબંધો વધારવાના પ્રયાસ કર્યા અને તાઈવાને પણ સારી પ્રતિક્રિયા આપી હતી. ૧૯૯૫માં બિનઆધિકારીક દૂતાવાસની સ્થાપના કરાઈ. ૨૧મી સદીના પ્રારંભ સુધી ભારતના ચીન સાથે સંબંધ પોતાના સૌથી સારા યુગમાં પ્રવેશી ગયા હતા. વડાપ્રધાન વાજપેયી ચીનની સફળ યાત્રા કરીને પરત ફર્યા હતા. ભારતની પ્રાથમિકતાઓ ફરી તાઈવાનથી દૂર જતી રહી. ૨૦૦૮ પછી નાના-મોટા પ્રયાસો કરાયા છે, જ્યારે તાઈવાની મંત્રીઓએ ભારતની યાત્રા કરી હતી.

# આગામી સમયમાં નિષ્ણાંત કર્મચારીઓની અછત સર્જાશે, નોકરી કરનાર નહી મળે

**આપણા દેશમાં તથા વિદેશમાં એક બાજુ નિષ્ણાંત કર્મચારીઓની અછત હશે તો બીજી બાજુ ઓછું જાણકાર લોકો બેરોજગાર હશે. કન્ટ્રક્શન સેક્ટરમાં મજૂરોની અછત હશે કારણ કે આવા કામ કરવા કોઈને ગમતા નથી એટલે હવે પછીની પેઢીમાં લોકો સ્કિલ કેળવશે અને મજૂરી જેવા કામથી અળગા રહેશે**




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હાલ ચૂંટણીમાં વિપક્ષોના ભાષણોમાં બેરોજગારીનો મુદ્દો, મોંઘવારીનો મુદ્દો અગ્રસ્થાને જ છે પરંતુ હવે પછીના સમયમાં આપણા દેશમાં કામ પુષ્કળ હશે પરંતુ કામ કરવાવાળા કામદાર નહીં હોય તેવી સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે. આગામી સમયમાં નોકરી દાતાઓ આતુરતાપૂર્વક નોકરી કરનાર કર્મચારીની રાહ જોતા હશે પરંતુ કર્મચારીઓની સંખ્યા ઓછી હશે. આજે ચોક્કસ પ્રકારના સ્પેશિયલ જોબ માટે માણસો મળતા નથી. માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં કામ કરનારા કામદારોની અછત શરૂ થઈ ચૂકી છે. અર્થતંત્ર લોકો દ્વારા બને છે અર્થતંત્ર વડે લોકો નહીં. આર્થિક વિકાસનો મૂળ નિયમ વસ્તી અને ઉત્પાદકતા સાથેના સંબંધથી બને છે આ જ નિયમ હવે પડખું ફેરવી રહ્યો છે. એક નવી દુનિયાની શરૂઆત થશે જેમાં દુનિયામાં કામ ઘણું હશે પરંતુ કામ કરનાર કામદારો ઓછા હશે, તેની અછત હશે. અમેરિકાની વાત કરીએ તો અમેરિકામાં ચીપ ઈન્ડસ્ટ્રીઝમાં ૬૭ હજાર વિજ્ઞાની, એન્જિનિયરની અછત અત્યારથી સર્જાવા લાગી છે. આગામી સમયમાં ધોલેરા સર, ભાવનગરનો સીએનજી પ્લાન્ટ, કલ્પસર તથા નવા ઉર્જા મથકો અને બીજા વિરાટકાય ઉદ્યોગો માટે લાખો કન્સ્ટ્રક્શન વર્કરની જરૂર પડવાની છે. સૌથી વધુ વર્કરોની સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં જરૂર પડશે. અમેરિકાની અંદર સારા રિસર્ચ કરનારા અને ડિઝાઈન કરનારા વર્કરો બહુ ઓછા છે ભારતમાં પણ આ જ સ્થિતિ છે. અર્થતંત્રને કોણ બદલી શકે? અર્થતંત્ર મહામારી, યુદ્ધ, રાજનીતિ જેવા પરિબળોથી ધીમું પડે છે. ભારત વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો છે તે આનંદની વાત છે. વસ્તી વધે તેમ મેનપાવર વધે છે પરંતુ જે મેનપાવરની જે ક્ષેત્રમાં જરૂર છે તે ક્ષેત્રના નિષ્ણાંત જો ન મળે તો એકબાજુ કામ કરનારાઓની અછત સર્જાય છે તો બીજીબાજુ કામ નહીં જાણનાર લોકો બેકાર રહે છે. આપણા ગુજરાતની અંદર એવા પણ સેક્ટર છે જ્યાં લોકલ લોકોને રોજગારી નથી મળી શકતી પરંતુ પરપ્રાંતીય લોકોને ભરપૂર કામ મળે છે તેનું મુખ્ય કારણ એ છે કે પરપ્રાંતીય લોકો જે કામ કરી શકે છે, જે મહેનત કરી શકે છે તે મહેનત, તે કામ ગુજરાતી કોઈ સંજોગોમાં કરી ન શકે આથી શિપ બ્રેકિંગ, રોલિંગ મીલ અને મોટા કન્સ્ટ્રક્શન વર્કમાં પરપ્રાંતીય મજૂરો જ કામ કરી શકે. અહીં મેનપાવરની જરૂર છે પરંતુ તે મજૂરના રૂપમાં છે તો સામા પક્ષે સેમિકન્ડક્ટર પ્લાન્ટની અંદર જે મેનપાવરની જરૂર પડશે એ મેનપાવર ઈલેક્ટ્રોનિક્સ અને ડિઝાઈન માટેનો જાણકાર હોવો જોઈએ જો ન હોય તો કામ કરનારની અછત સર્જાશે. ૧૭મીથી ૧૯મી સદીની વચ્ચેનો લોહિયાળ ઈતિહાસ સામાન્ય લોકો માટે અભિશાપ હતો. ગુલામી, અત્યાચાર, ગરીબી, મહામારીની વચ્ચે સરેરાશ આયુષ્ય માત્ર ૨૭ વર્ષ હતું. પ્રજનન દર ઊંચો હતો. એક મહિલા લગભગ છ બાળકોને જન્મ આપતી હતી. જેમાંથી મોટાભાગના જીવતા ન હતા. ઊંચો જન્મદર, યુવાન વસ્તી વધુ, ખરાબ જીવનસ્તર અને ઊંચા મૃત્યુદર સાથે વસતી વૃદ્ધિનો દર માંડ અડધો ટકા હતો. સંયુક્ત રાષ્ટ્રના આંકડા બતાવે છે કે, ૧૯મી સદીના પ્રારંભથી યુરોપમાં મૃત્યુદર ઘટવા લાગ્યો અને દુનિયામાં વસતીનું સંક્રમણ સ્વરૂપ ધારણ કરવા લાગ્યું. ૨૦મી સદીના પ્રારંભમાં વસતી વધવાની સાથે એક અબજનો આંકડો સ્પર્શી લીધો. ૨૧મી સદીના પ્રારંભ સુધીમાં દુનિયાની વસતી વર્ષ ૧૮૦૦ની સરખામણીએ છ ગણી વધી ગઈ. ૧૦૦ વર્ષ અગાઉ મહિલાઓ પોતાની યુવાનીનો ૭૦ ટકા ભાગ બાળકોને જન્મ આપવા અને ઉછેરવામાં પસાર કરતી હતી. જે ૨૧મી સદીમાં ઘટીને ૧૪% રહી ગયો છે. પેઢીઓની ક્રાંતિઃ નવી સદીમાં નવા સંતાનો અર્થતંત્રનો ચહેરો અને માળખું બદલવા લાગ્યા. બેબી બૂમર્સ (૧૯૪૬થી ૧૯૬૪ વચ્ચે જન્મેલા)એ અમેરિકાને ૩૦ વર્ષનો સૌથી ઝડપી વિકાસ દર આપ્યો, જેમની પાસે અમેરિકાનો ૭૦% ખર્ચ લાયક આવક છે. અમેરિકાને ૨૦૦૦ના મિલેનિયલ્સવાળા વસતી-સંક્રમણનો પણ ફાયદો મળ્યો. જોકે, મિલેનિયલ્સના વપરાશથી ૨૦૦૮ની મંદી આવી. ૧૯૮૦ પછી ચીન અને ભારત યુવાન વસતીને વપરાશ, ઉત્પાદન અને કામદારોનું બજાર બની ગયા, જ્યારે યુરોપમાં વૃદ્ધાવસ્થા વધવા લાગી. વસતીની ઘંટીઃ વસતીની ઘંટીમાં હવે સૌથી મોટું વસતી-સંક્રમણ શરૂ થયું છે. ગમે તેવી ટેક્નોલોજી કે સરકારો આવે, પરંતુ આ પરિવર્તન કામદારોની અછત, વેતન વૃદ્ધિનું દબાણ, ઉત્પાદનમાં ઘટાડો અને જિદ્દી મોંઘવારી લઈને આવી શકે છે. વસતીનું પરિવર્તન આર્થિક વિકાસ દર અંગે આપણી વર્તમાન સમજણને ઊંધી પાડી રહ્યું છે. બેરોજગારી વચ્ચે આ વાત સાંભળવામાં ભલે વિચિત્ર લાગે, પરંતુ દુનિયામાં કામદારોની અછત શરૂ થઈ ચૂકી છે. ૧૯૫૦ પછી સરેરાશ આયુષ્ય વધવાથી આગામી ૫૦ વર્ષમાં દુનિયાની વસતી બમણી થઈ ગઈ. આ પરિવર્તનને લીધે કામ કરતા લોકોની સંખ્યા વધી. ૧૯૯૦ સુધી બેબી બૂમર્સ બજારમાં આવી ગયા હતા. ૧૯૯૧થી ૨૦૧૮ સુધી વિકસિત અર્થતંત્રોમાં શ્રમિકોની સંખ્યા બમણાથી વધુ થઈ ગઈ. કામ તો મળ્યું, પરંતુ શ્રમિકોની મોટી સંખ્યાને કારણે વેતન વધ્યા નહીં. ચીનને આ સંક્રમણનો સૌથી વધુ ફાયદો મળ્યો. ઉત્પાદન વધ્યું તો દુનિયાએ ૨૮ વર્ષ સુધી મોટી મોંઘવારી જોઈ નહીં. છેલ્લા ૬૦ વર્ષમાં દુનિયાનો દરેક પરિવાર વીતેલી સદીની સરખામણીએ વધુ કમાવા લાગ્યો છે. પરિવાર નાના થયા, જીવનસ્તર સુધર્યું, પરંતુ આવકમાં અસમાનતા ચરમ પર છે. કેમકે એક નાની વસતીની આવક અકલ્પનીય ઝડપે વધી છે. નુકસાનકારક ઊથલપાથલઃ વસતીના તાજા વિશ્લેષણ જણાવી રહ્યા છે કે, હવે મોટાભાગના દેશોમાં કામ કરતી વસતી ઘટતી જશે. ચીને ૧૯૯૦થી ૨૦૧૫ની વચ્ચે લગભગ ૨૯ કરોડ લોકો કામ કરતી વસતીમાં ઉમેર્યા હતા. હવે ૨૦૫૦ સુધી ૨૨ કરોડ લોકો શ્રમ- બજારમાંથી બહાર નીકળી જશે. ચીને વસતી નીતિ બદલવી પડી છે. જાપાન, કોરિયા, જર્મની, રશિયા, ઈટાલી, ફ્રાન્સ, ચીનમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે. વિશેષજ્ઞો માની રહ્યા છે કે, ઝડપી વિકાસ દરના દિવસો હવે ગયા. કામદાર ઓછા એટલે ઉત્પાદન પણ ઓછું. આગામી ત્રણ દાયકામાં ભારત અને ચીનના અર્થતંત્ર સરેરાશ ૬થી ૮ ટકાની વચ્ચે વિકાસ દર પ્રાપ્ત કરી શકશે. યુરોપમાં તો આ દર ૩%થી પણ નીચે રહેશે. ઓછો વપરાશ વધુ કિંમતઃ વૃદ્ધ-યુવાન સરેરાશ એટલે કે ડિપેન્ડન્સી રેશિયો વસતીના અર્થશાસ્ત્રની સૌથી કિંમતી ફોર્મ્યુલા છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૩૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૪૦ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૭૦ |
| બાજરી | ૩૯૫ | ૫૧૦ |
| તુવેર | ૧૮૮૦ | ૨૩૦૨ |
| ચણા પીળા | ૧૧૨૦ | ૧૨૨૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૬૭૦ | ૧૯૬૦ |
| મગ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૯૫૦ |
| વાલ પાપડી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૧૯૦ |
| વટાણા | ૧૧૯૦ | ૧૬૧૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૬૮૦ |
| મગફળી જાડી | ૧૧૧૦ | ૧૩૩૮ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| અળશી | ૮૦૦ | ૮૦૦ |
| તલી | ૨૩૦૦ | ૨૬૪૨ |
| સુરજમુખી | ૪૫૦ | ૮૫૦ |
| એરંડા | ૯૬૦ | ૧૦૮૫ |
| અજમો | ૧૯૦૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૦૭૧ | ૧૬૪૦ |
| સોયાબીન | ૮૩૦ | ૮૮૪ |
| સીંગફાડા | ૧૧૮૦ | ૧૫૬૫ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૨૧૧ |
| લસણ | ૧૪૦૦ | ૨૮૫૦ |
| ધાણા | ૧૧૫૫ | ૧૫૫૫ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૭૦૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૮૦૧ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૯૨૫ |
| રાય | ૧૧૪૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૨૦ |
| ઇસબગુલ | ૧૯૦૦ | ૨૫૫૦ |
| અશેરીયો | ૧૬૨૧ | ૨૨૨૫ |
| કલોંજી | ૩૩૫૦ | ૩૮૬૦ |
| રાયડો | ૮૯૦ | ૯૯૦ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ગુવારનું બી | ૯૬૫ | ૧૦૩૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૫૦ | ૫૫૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| શક્કરટેટી | ૩૩૦ | ૫૨૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૩૦૦ | ૫૭૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૬૦ |
| ટમેટા | ૧૫૦ | ૩૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૭૮૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| ફલાવર | ૧૮૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૮૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૩૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ |
| સરગવો | ૧૮૦ | ૩૪૦ |
| તુરીયા | ૩૫૦ | ૫૩૦ |
| પરવર | ૫૦૦ | ૯૦૦ |
| કાકડી | ૧૮૦ | ૩૬૦ |
| ગાજર | ૧૪૦ | ૨૮૦ |
| વટાણા | ૯૫૦ | ૧૪૫૦ |
| ગલકા | ૧૬૦ | ૩૨૦ |
| બીટ | ૧૪૦ | ૨૬૦ |
| મેથી | ૬૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૫૦ | ૨૨૫૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૫૫૦ |
| લસણ લીલું | ૧૫૫૦ | ૩૩૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૬૦ |
| ગુંદા | ૪૦૦ | ૮૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૧૦ | ૪૮૦ |
| રીંગણાં | ૪૨૦ | ૫૨૦ |
| ફુલાવર | ૨૧૦ | ૩૧૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૩૧૦ | ૪૧૦ |
| ટામેટા | ૨૬૦ | ૩૬૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૦૦ |
| દૂધી | ૧૪૦ | ૨૦૦ |
| કરેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૧૦ | ૪૧૦ |
| ગુંદા | ૪૨૦ | ૫૨૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચોળાશીંગ | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૮૨૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૧૯૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૪૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| ગરમર | ૫૩૦ | ૭૩૦ |
| સરગવો | ૪૧૦ | ૫૧૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૧૦ | ૨૫૧૦ |
| લસણ સૂકું | ૨૬૩૦ | ૨૮૩૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૭૦ | ૧૪૮૯ |
| શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૨૨૭ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૦૫ |
| શિંગ દાણા | ૧૬૨૬ | ૧૬૩૦ |
| શિંગ ફાડા | ૧૪૯૦ | ૧૫૭૧ |
| તલ સફેદ | ૧૦૪૦ | ૨૭૫૩ |
| તલ કાળા | ૨૧૦૦ | ૨૮૬૮ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૩૦૩૦ |
| બાજરો | ૩૪૬ | ૪૯૦ |
| જુવાર | ૪૦૦ | ૭૨૦ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૬૩૩ |
| ઘઉં લોકવન | ૪૬૧ | ૫૭૮ |
| મકાઇ | ૪૪૨ | ૪૪૨ |
| ચણા | ૯૦૦ | ૧૨૧૨ |
| ચણા દેશી | ૧૧૧૧ | ૧૩૨૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૯૬૦ | ૧૦૫૯ |
| જીરું | ૧૭૦૦ | ૪૮૦૦ |
| રાયડો | ૮૦૦ | ૯૬૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૧૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૦૫ |
| ધાણી | ૧૧૫૦ | ૨૧૦૦ |
| મેથી | ૬૫૦ | ૧૦૦૩ |
| સોયાબીન | ૮૧૮ | ૮૩૨ |
| મરચા લાંબા | ૬૨૦ | ૩૭૫૦ |
| વરીયાળી | ૧૦૫૫ | ૧૫૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૯૯ |
| મગફળી | ૧૧૨૮ | ૧૧૫૨ |
| ઘઉં | ૪૬૦ | ૫૭૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૨૬ |
| જીરૂ | ૩૮૨૫ | ૪૯૭૫ |
| તલ | ૨૩૨૯ | ૨૬૨૧ |
| એરંડા | ૯૭૨ | ૧૦૪૮ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૧ |
| મગફળી મઠડી | ૯૦૧ | ૧૨૪૧ |
| મગફળી જાડી | ૮૧૭ | ૧૨૨૧ |
| મગફળી નવી | ૧૨૨૦ | ૧૩૫૦ |
| તલ | ૨૬૦૦ | ૨૮૦૦ |
| તલ કાળા | ૩૦૪૦ | ૩૦૪૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૮૫૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૬૧ |
| બાજરો | ૪૦૦ | ૫૦૬ |
| જુવાર | ૪૫૦ | ૭૦૦ |
| મગ | ૧૩૫૦ | ૧૭૫૫ |
| મકાઈ | ૪૯૮ | ૪૯૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૬ |
| તુવેર | ૧૯૦૦ | ૨૧૮૧ |
| એરંડા | ૧૦૦૮ | ૧૦૬૫ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| રાયડો | ૮૫૦ | ૯૧૪ |
| ધાણા | ૧૨૫૧ | ૧૪૫૧ |
| સોયાબીન | ૮૨૬ | ૮૩૧ |
| **ધારી** | | |
| મગફળી | ૮૧૨ | ૧૨૧૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૧૬ |
| ચણા | ૧૧૭૫ | ૧૧૮૫ |
| ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૯૫૬ | ૯૬૭ |
| જીરૂ | ૪૧૬૦ | ૪૧૬૦ |
| અજમા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૧૩૫ | ૧૪૦૭ |
| શીંગ નવી | ૧૨૫૦ | ૧૪૪૦ |
| શીંગ નં.૩૨ | ૧૧૪૦ | ૧૨૩૪ |
| મગફળી જાડી | ૧૧૬૦ | ૧૨૪૩ |
| એરંડા | ૧૦૪૫ | ૧૦૬૬ |
| જુવાર | ૩૭૫ | ૯૦૨ |
| બાજરી | ૩૯૪ | ૫૨૩ |
| ઘઉં ટુકડા | ૩૬૮ | ૭૧૦ |
| મકાઈ | ૩૯૫ | ૩૯૫ |
| મેથી | ૮૭૧ | ૧૨૦૦ |
| મગ | ૧૬૪૨ | ૧૭૫૭ |
| ધાણા | ૧૧૦૯ | ૧૩૫૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૬૦ |
| ચણા દેશી | ૧૨૮૨ | ૧૨૯૫ |
| ચણા | ૧૦૮૧ | ૧૨૨૬ |
| તલ | ૨૦૦૦ | ૨૬૬૦ |
| તુવેર | ૧૪૩૫ | ૨૨૧૧ |
| જીરૂ | ૩૨૦૫ | ૪૩૮૦ |
| ડુંગળી | ૧૨૯ | ૩૨૨ |
| ડુંગળી સફેદ | ૨૩૮ | ૩૦૨ |
| જમાદાર કેરી | ૧૫૦૦ | ૩૬૦૦ |
| કેસર કેરી | ૧૮૦૦ | ૩૪૦૦ |
| અથાણાની કેરી | ૬૦૦ | ૧૨૦૦ |
| નાળિયેર | ૫૪૦ | ૧૭૮૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૬ |
| તુવેર | ૧૪૦૦ | ૨૧૦૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| તલ | ૧૮૦૦ | ૨૨૮૦ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૮૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૨૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૭૦૦ | ૧૪૭૫ |
| બાજરો | ૩૭૫ | ૪૦૦ |
| ઘઉં | ૩૮૫ | ૫૫૧ |
| મગ | ૧૭૦૦ | ૧૮૫૫ |
| અડદ | ૧૭૦૦ | ૧૯૭૦ |
| તુવેર | ૧૫૩૦ | ૨૨૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૧૯૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૮ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૩૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૮૬ |
| રાયડો | ૮૪૦ | ૧૦૦૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૨૫ |
| લસણ | ૧૦૫૦ | ૨૮૮૦ |
| જીરૂ | ૨૬૨૫ | ૪૯૦૫ |
| અજમો | ૨૧૦૦ | ૩૬૦૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| ડુંગળી સૂકી | ૬૦ | ૨૭૦ |
| સીંગદાણા | ૧૩૨૦ | ૧૫૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૫૯૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૬૦૫ |
| જીરું | ૫૧૦૬ | ૭૫૧૦ |
| વરિયાળી | ૧૦૫૨ | ૧૧૬૦ |
| મગફળી | ૮૧૧ | ૧૩૧૧ |
| ડુંગળી | ૨૯૦ | ૩૧૦ |
| મગ | ૧૬૫૧ | ૧૬૫૨ |
| ઘઉં | ૪૪૦ | ૬૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૩૦ |
| એરંડા | ૭૩૦ | ૧૧૨૦ |
| તલ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| વટાણા | ૪૫૧ | ૧૧૧૦ |
| મકાઈ | ૪૮૦ | ૫૦૫ |
| રાયડો | ૭૨૬ | ૧૧૩૦ |
| બાજરો | ૩૮૦ | ૪૨૦ |
| જુવાર | ૮૮૦ | ૧૦૦૭ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૫ | ૧૪૨૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૨૧ |
| બાજરી | ૪૯૦ | ૪૯૦ |
| જુવાર | ૬૫૧ | ૭૨૦ |
| તલ સફેદ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| તુવેર | ૧૭૮૦ | ૧૭૮૦ |
| એરંડા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| મેથી | ૯૫૨ | ૯૫૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૧ |
| ચણા | ૧૦૧૫ | ૧૨૩૧ |
| ધાણી | ૧૨૮૨ | ૧૩૭૧ |
| જીરૂ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૧૯ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૯૭૦ | ૯૭૦ |
| મેથી | ૯૦૦ | ૯૨૫ |
| તુવેર | ૧૭૧૫ | ૧૭૧૫ |
| સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |
| રાયડો | ૮૦૪ | ૯૦૯ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૪ |
| મગફળી | ૯૦૦ | ૧૧૬૦ |
| તલ | ૨૬૦૦ | ૨૭૧૧ |
| બાજરો | ૪૧૧ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૯ |
| જુવાર | ૬૨૫ | ૭૬૦ |
| મકાઈ | ૪૬૦ | ૫૧૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| રાઈ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| વરિયાળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૧૧ | ૮૪૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૭૦ | ૧૩૪૦ |
| મગફળી ૩૨ નં. | ૧૧૪૦ | ૧૨૭૬ |
| બાજરો | ૪૨૫ | ૫૨૨ |
| ઘઉં | ૪૬૦ | ૫૭૨ |
| રાઈ | ૧૧૨૦ | ૧૨૦૦ |
| રાયડો | ૯૫૦ | ૯૯૨ |
| મેથી | ૯૫૦ | ૧૦૭૮ |
| તુવેર | ૧૭૦૦ | ૨૧૦૦ |
| જુવાર | ૬૦૦ | ૭૨૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૯૬૬ |
| મગ | ૧૪૦૦ | ૧૮૫૪ |
| એરંડા | ૧૦૪૪ | ૧૦૭૬ |
| ચણા | ૧૦૨૫ | ૧૨૫૦ |
| તલ | ૨૩૨૦ | ૨૫૪૨ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૨૦૦ |
| સોયાબીન | ૮૧૦ | ૮૮૪ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૫૪ |

## શબ્દ સંજોગ-૧૭૯૬



**આડી ચાવી :**
(૧) ઈતિહાસ (૪)
(૪) એક પક્ષીનો પર્યાય (૨)
(૭) માની...તો દરેક સંતાન પ્રત્યે હોય જ (૩)
(૯) વિદ્યા......થી શોભે (૩)
(૧૨) ગૃહિણીનું હથિયાર અહીં થયું આડુ-અવળુ (૩)
(૧૩) ફરક, તફાવત (૩)
(૧૫) એક રાગ (૩)
(૧૭) ત્રણ રતી જેટલુ તોલ (૨)
(૧૮) ઈશ્ક, મહોબ્બત (૨)
(૧૯) એક ઝાડ (૩)
(૨૨) પતિ, ધણી (૨)
(૨૪) ....છે ખખડેય ખરા...! (૩)
(૨૫) એક રાશિ (૨)
(૨૬) ગઈકાલ પહેલાનું કે આવતીકાલ પછીનું (૩)
(૨૮) ઉછાળો, ઉભરો (૨)
(૨૯) હિંદુ મહિનાનો દિવસ (૨)
(૩૦) ઈટલીનું જાણીતું શહેર (૨)
(૩૧) નામની આગળ માનાર્થે વપરાતો શબ્દ (૧)

**ઉભી ચાવી :**
(૧) અને (૨)
(૨) વીસ ઘા કાગળ (૨)
(૩) એક ફરસાણ (૩)
(૫) સૂર્ય, સૂરજ (૨)
(૬) એક અંગ્રેજી આલ્ફાબેટ (૨)
(૮) રસોડાનું એક સાધન (૩)
(૧૦) દ્રષ્ટિ (૩)
(૧૧) સફેદ, ધવલ (૨)
(૧૩) ખાસ, પોતીકું (૩)
(૧૪) ઘોડાની એકધારા વેગવાળી ચાલ (૩)
(૧૫) એક દેવતા (૩)
(૧૬) આના વગર જીવન ચાલે જ નહિ (૨)
(૨૦) બિલાડો (૩)
(૨૧) એક કંદ (૩)
(૨૩) ભગવાન વિષ્ણુ આ નામે પણ ઓળખાય છે (૩)
(૨૬) ઘડીનો સાતમો ભાગ (૨)
(૨૭) બુધ્ધિ (૨)
(૨૮) બળ, જુસ્સો (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૫ જવાબ

**આડી ચાવી :** (૧) ત્રિપુરા (૩) પકડદાવ (૬) હવન (૭) ભગત (૯) ઝૂમકો (૧૦) રબી (૧૧) પાન (૧૨) કંદન (૧૪) દલ (૧૫) એબ (૧૬) વળતર (૧૮) લલાટ (૨૧) ગોર (૨૪) વનવે (૨૬) ડફલી (૨૭) બાજરી (૨૮) ગરજ.

**ઉભી ચાવી :** (૧) ત્રિષ્ટુભ (૨) રાહત (૩) પનડૂબી (૪) ડપકો (૫) વડવાનલ (૮) ગલકંબલ (૧૦) રન (૧૧) પાદર (૧૩) અળગો (૧૭) તરડજ(જડતર) (૧૯) લાવરી (૨૦) ટન (૨૨) પલીતો (૨૩) કંબા (૨૫) વેગ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### ચૂંટણી જેમ-જેમ નજીક આવતી જાય છે તેમ-તેમ પ્રચાર-પ્રસાર જોરશોરમાં

# રાજુલા-લાઠીના ગ્રામ્ય વિસ્તારમાં ભરત સુતરીયાએ પ્રવાસ ખેડયો

અમરેલી,તા.૩

અમરેલી લોકસભાની બેઠકના ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ચૂંટણીના છેલ્લા પડાવમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારોનો પ્રવાસ ખેડી રહ્યાં છે. જિલ્લાના ગામડાઓમાં ભરતભાઈ સુતરીયાને અદકેરો આવકાર મળી રહ્યો છે. રાજુલાના ગામોમાં અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનું ગ્રામજનોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના અનુસંધાને ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયા દ્વારા રાજુલા વિધાનસભાના ડેડાણ, વાંગધ્રા, જામકા, ત્રાકુડા તથા માંડળ ગામે સભામાં હાજરી આપી હતી. તેમજ લાઠી તાલુકાના તાજપર ગામે આવેલ રણુજા ધામ મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બન્યા જ્યાં ઠેર-ઠેર હર્ષોલ્લાસ સાથે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનું નાની બાળાઓ દ્વારા કુંભ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. સંત શિરોમણી શ્રી શામજીબાપુ અને ગીગડા પીરના સાનિધ્ય સ્થાન એવા સતાધાર આશ્રમ ખાતે પૂજ્ય વિજય બાપુના આશીર્વાદ મેળવી લાઠી તાલુકાના તાજપર ગામે આવેલ રણુજા ધામ ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બન્યા હતા, ત્યાર બાદ રાજુલા વિધાનસભાના વાંગધ્રા ગામે હનુમાનજી મંદિર તેમજ ડેડાણ ગામે શ્યામ મંદિરે દર્શન કર્યા હતા. આ તકે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ શેલડીયા, તાલુકા ભાજપ મહામંત્રી રમેશભાઈ જાદવ, તાલુકા પંચાયત પ્રમુખ ભીખાભાઈ સરવૈયા, જિલ્લા પંચાયતના સભ્ય અરવિંદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત સભ્ય કાળુભાઈ ફિડોળીયા, કારોબારી ચેરમેન મુકેશભાઈ માંગરોળીયા, સરપંચ નરેશભાઈ વાવડીયા, હરસુરભાઈ વાઘ, નાથાભાઈ વાઘ, કોળી સમાજ અગ્રણી બાબુભાઈ મકવાણા, ડેડાણ ગામના રાજવી મહેશભાઈ કોટીલા, સરપંચ નટુભાઈ રાઠોડ, સરપંચ દડુભાઈ, માજી સરપંચ ભોળાભાઈ ખસિયા, દુલાભાઈ વણઝર, સરપંચ મયુરભાઈ દુધાત, વિનુભાઈ દુધાત સહિતના ભાજપના કાર્યકર્તાઓ અને ગામના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.







### લોકસભાની ચૂંટણી પૂર્વે રાજુલા કોંગ્રેસમાં ગાબડુ

રાજુલા ખાતે આહીર સમાજ અને ભરતભાઇ સુતરીયાની ઉપસ્થિતિમાં રાજુલા નગરપાલિકાના પૂર્વ સદસ્ય આહીર સમાજ યુવા આગેવાન ઘનશ્યામભાઈ વાઘનું ભારતીય જનતા પાર્ટીમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ વિધિવત સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાતા અભિનંદન પાઠવ્યા હતા. આ તકે જીગ્નેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ, આહીર સમાજના આગેવાન અને તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા, તાલુકા ભાજપ પ્રમુખ હરસુરભાઈ લાખણોત્રા, બાબુભાઈ જાલંધરા, જે.બી.લાખણોત્રા, સાગરભાઈ સરવૈયા, શુકલભાઈ બલદાણીયા, સનાભાઈ વાઘ, અરજણભાઈ વાઘ, લાલભાઈ રામ, ડો.હિતેશભાઈ હડિયા, કનુભાઈ કલસરિયા, નાથાભાઇ વાઘ, લાલભાઈ વાઘ, પરેશભાઈ લાડુમોર, બળવંતભાઈ લાડુમોર, વલકુભાઈ બોસ તેમજ આહિર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### એમનાં ત્રણ પુસ્તકો સંસ્થાએ પ્રગટ કર્યા છે

# હાસ્યકલાકાર પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદીનું SGVP દ્વારા અભિવાદન

અમદાવાદ,તા.૩



હાસ્યકલાકાર, લેખક અને ઉમદા સમાજસેવક ડો. જગદીશ ત્રિવેદીએ પદ્મશ્રી એવોર્ડ મળ્યા બાદ SGVP સંસ્થાની મુલાકાત લીધી હતી.

ડો. જગદીશ ત્રિવેદીનું SGVP સંસ્થા તરફથી ડો. યજ્ઞવલ્લભ સ્વામી, સંતો તથા ઋષિકુમારોએ પુષ્પહાર અને પ્રસાદ વડે અભિવાદન કર્યું હતું તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. નોંધનીય છે કે, સંસ્થાના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામીના આશીર્વાદ હંમેશા એમની ઉપર રહ્યા છે. એમના લખેલાં ત્રણ પુસ્તકો SGVP સંસ્થા દ્વારા પ્રગટ થયા છે ત્યારે તેમને શુભકામનાઓ પાઠવાઈ હતી.

### દીવ શહેર વિસ્તારમાં આવી ચડેલા

# નર સિંહને વનવિભાગે પકડ્યો



ઉના, તા.૩

દીવ શહેર વિસ્તારમાં અચાનક એક નર સિંહ આવી ચડયો હતો. જેને વનવિભાગ દ્વારા પકડવામાં આવ્યો હતો અને જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ સિંહને વનવિભાગ દ્વારા ઘણા સમયથી ટ્રેક કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. છેવટે દીવના બુચરવાડા નજીકના જંગલ વિસ્તારમાં સિંહનું લોકેશન મળતા વનવિભાગની ટીમ અને ટ્રેકરોએ મળીને સિંહને પકડી પાડ્યો હતો અને જસાધાર એનિમલ કેર સેન્ટરમાં લઈ ગયા હતા.

### સ્ટાફ દ્વારા બાળકોને શુભકામના પાઠવાઈ

# ડોળાસા ગામની ગોંદરાપરા પ્રા. શાળામાં ધોરણ આઠનાં બાળકોનો વિદાય સમારોહ યોજાયો

બાળકોએ શાળામાં છેલ્લી વાર હૃદયસ્પર્શી કાર્યક્રમ રજૂ કરી સૌના દિલ જીતી લીધા



કોડીનાર,તા.૩

કોડીનાર તાલુકાનાં ડોળાસા ગામની ગોંદરાપરા પ્રા. શાળામાં ધોરણ આઠમાં ભણતા બાળકોનો વિદાય સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધોરણ આઠનાં બાળકોએ શાળામાં છેલ્લી વાર હૃદયસ્પર્શી કાર્યક્રમ રજૂ કરી સૌના દિલ જીતી લીધા હતા. આ તકે નિવૃત્ત શિક્ષક મેરુભાઈ મોરી, ગોંદરાપરા શાળાનાં વર્તમાન આચાર્ય નારણભાઈ બારડ, શાળાનાં પૂર્વ આચાર્ય દાનસિંહભાઈ ડોડીયા અને શાળાનાં સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

# સુરતમાં પોલીસે રૂા.૨૦ લાખના ડ્રગ્સ સાથે યુવાનને ઝડપી પાડ્યો

નવીદિલ્હી,તા.૩

સુરત પોલીસે ફરી એકવાર નશાના કારોબારને ઝડપી પાડવામાં સફળતા હાંસલ કરી છે. ડ્રગ સાથે એક શખ્સની ધરપકડ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત એક વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

સુરત શહેરમાં ફરી એકવાર નશાના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. આ વખતે માનદરવાજા વિસ્તારમાંથી ડ્રગ્સ ઝડપાયું છે. રૂપિયા ૨૦ લાખની કિંમતના MD ડ્રગ્સ સાથે ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી છે. મહત્વનું છે કે બે દિવસ અગાઉ પણ સુરતમાંથી એક કરોડની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું હતું. યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સના કારોબાર સામે પોલીસની મોટી કાર્યવાહી માનવામાં આવી રહી છે.

પોલીસ દ્વારા ૨૦ લાખની કિંમતનું ૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ ઝડપી પાડી મોહંમદ તોકિર શેખ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુનામાં સંડોવાયેલા અને તોકિરને ડ્રગ્સ આપનાર રેહાન જાવેદ શેખને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# સુરતમાં નિલેશ કુંભાણીના ફોટા પર સુખડનો હાર પહેરાવ્યો, લખ્યુ ઠગ ઓફ સુરત

(એ.આર.એલ),સુરત,તા.૩



લોકસભાની ચૂંટણી માટે મતદાન આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરતના બિનહરીફ થયેલી બેઠકના મતદારો અને કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ફોર્મ રદ થયાં બાદ નિલેશ કુંભાણી ગાયબ હતા, તે સમયમાં વિરોધ નબળો પડ્યો હતો. પરંતુ ગઈકાલે કુંભાણી સુરત આવ્યાની વાત બાદ વરાછા વિસ્તારમાં કેટલાક કાર્યકરોએ રાત્રીના સમયે વરાછા વિસ્તારમાં પોસ્ટર, બેનર લગાવીને કુંભાણી સામે વિરોધ પ્રગટ કર્યો હતો. કેટલીક જગ્યાએ કુંભાણીના ફોટા પર કાર્યકરોએ સુખડનો હાર ચઢાવીને પોતાનો રોષ ઠાલવ્યો હતો. લોકસભા ૨૦૨૪માં દેશનું પરિણામ જાહેર થાય તે પહેલા જ સૌથી પહેલી સુરત બેઠક પર પરિણામ જાહેર થઈ ગયું છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી અને કોંગ્રેસના ડમી ઉમેદવારનું ફોર્મ રદ થયું અને નાટકીય ઢબે અન્ય ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા છે. આ ઘટના બાદ સુરતના રાજકારણમાં ભડકો થયો અને ત્યારબાદ કુંભાણી અન્ડર-ગ્રાઉન્ડ થઈ ગયા હતા. કુંભાણીને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કર્યા બાદ તેમણે વીડિયો મારફતે પોતાનો ખુલાસો કર્યો હતો. જોકે, ગઈકાલે સુરત આવ્યાના અહેવાલ બહાર આવ્યા હતા. પરંતુ અચાનક ફરી તેઓ ગાયબ થઈ ગયા હતા.

# કોડીનારના ઘાંટવડ ગામેથી બાર શખ્સો જુગાર રમતા ઝડપાયા

રૂ.ત્રણ લાખનો મુદ્દામાલ ઝડપાયો

કોડીનાર, તા.૩

કોડીનારના ઘાંટવડ ગામે ગનીભાઈ કાસમભાઈ સેલોત તેમની વાડીમાં જુગાર રમાડતા હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે રેઈડ પાડી ૧૨ ઈસમોને ઝડપી પાડ્યા હતા. ગનીભાઈ કાસમભાઈ સેલોત, મમદભાઈ સુલેમાનભાઈ સેલોત-મુસ્લિમ, ગોવીંદભાઈ ટપુભાઈ બાંભણીયા, અલ્તાફભાઈ એમનભાઈ ધમરોટ, ગફારભાઈ આદમભાઈ અગવાન, હુસૈનભાઈ મમદભાઈ ભાદરકા, યુસુફભાઈ જમાભાઈ સેલોત, હુસૈનમીયા કાસમમીયા બાહરૂની, ઈકબાલભાઈ વલીભાઈ અગવાન, જાવેદખા અયુબખા પઠાણ, ફૈજલભાઈ ગનીભાઈ સેલોત, ઉસ્માનખા અયુબખા પઠાણ મુસ્લિમને રોકડ રકમ રૂ.૭૨,૯૩૦, ૬ મોટર સાયકલ, ૧૦ મોબાઈલ મળી કુલ.રૂ.૩,૦૮,૪૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

# હવે અમદાવાદ નહી પરંતુ સુરત બન્યુ રાજયનું સૌથી વધુ વસ્તી વાળુ શહેર

અમદાવાદ,તા.૩

ગુજરાતની વાણિજ્યક રાજધાની અમદાવાદ લાંબા સમયથી કદ અને વસ્તી બંનેમાં શિરમોર હતું. જો કે, શહેરી વિકાસ વિભાગ દ્વારા પીવાના પાણી પુરવઠા અંગેનો નવો અહેવાલ નવી જ હકીકત તરફ નિર્દેશ કરે છે. અમદાવાદ સુરત (૪૬૨.૧૪ ચોરસ કિમી) ની તુલનામાં વિશાળ વિસ્તાર (૪૮૦ ચોરસ કિમી) ધરાવે છે, ત્યારે સુરતની મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદની ૮૦ લાખની સરખામણીમાં વધુ મોટી વસ્તી ૮૨ લાખની વસ્તીની પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરે છે. આમ હવે પાણી પૂરા પાડવાના ધોરણે જોઈએ તો સુરત પરપ્રાંતીયોની ભારે સંખ્યાના લીધે અમદાવાદની વસ્તીને વટાવી ગયું છે. "મોટાપાયા પર આવેલા પરપ્રાંતીયોના કારણે, અમારી મ્યુનિસિપલ સેવા મર્યાદામાં લોકોની સંખ્યા અમદાવાદ કરતાં વધુ છે. સુરત માટે અંદાજિત વસ્તી દરરોજ સપ્લાય કરવામાં આવતા પીવાના પાણી અને મ્યુનિસિપલ હદમાં હાઈડ્રોલિક વિભાગમાં તેના ઉપયોગના આધારે ગણવામાં આવે છે," એમ એક એન્જિનિયરે જણાવ્યું હતું.

"અમે પુરવઠા દરમિયાન લીક ગયેલા પાણીને ધ્યાનમાં રાખીને નિર્ધારિત ધોરણો કરતાં વધુ પાણી સપ્લાય કરીએ છીએ. અમે તાપીમાંથી પાણી મેળવીએ છીએ," એમ તેમણે ઉમેર્યું હતું. ૨૦૧૧ની વસ્તી ગણતરીના અહેવાલમાં, અમદાવાદની વસ્તી ૫૫.૭૭ લાખ હતી જ્યારે સુરતની વસ્તી ૪૪.૬૬ લાખ હતી. દશવાર્ષિક વસ્તી ગણતરીની કવાયત આ વર્ષે યોજાય તેવી અપેક્ષા છે.

**નામ બદલાવેલ છે**

આથી હું **પાનસુરીયા દિલીપભાઈ રવજીભાઈ** જણાવું છું કે મે મારુ નામ પાનસુરીયા દિલીપકુમાર રવજીભાઈમાંથી બદલીને **પાનસુરીયા દિલીપભાઈ રવજીભાઈ** કરેલ છે. જેથી હવે હું આ નવા નામ **પાનસુરીયા દિલીપભાઈ રવજીભાઈ** તરીકે ઓળખાઈશ.

**સરનામું :- મુ.પો. ચક્કરગઢ, તા. જી. અમરેલી, ગુજરાત-૩૬૫૬૦૧**

# દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ધોરાજી સિટી પોલીસ

ભાણવડ ખાતે દેશી દારૂની સપ્લાય કરતો હોવાનું આરોપીએ જણાવ્યું

ધોરાજી,તા.૩





દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં ભાણવડ પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને ધોરાજી સિટી પોલીસે ઝડપી પાડ્યો હતો.

પોલીસ સિટી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ફરતા ફરતા ધોરાજી અવેડા ચોક પાસે આવતા સંયુક્તરાહે બાતમી મળેલ કે ભાણવડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુજરાત પ્રોહી.એક્ટની કલમ- ૬૫(E),૯૮(૨),૮૧ મુજબના ગુનાના કામનો નાસતો ફરતો આરોપી સદામશા હુસેનશા રફાઈ, રહે.સોનાપુરી રોડ, રામપરા, ધોરાજી વાળો ધોરાજી આવકાર ચોકડી તરફથી ધોરાજી સરદાર ચોક તરફ આવી રહ્યો છે. જેના આધારે પોલીસ વોચમાં રહેતા એક શખ્સ આવકાર ચોકડી તરફથી આવતા તરત જ તેને પકડી લઈ નામ પુછતા પોતે પોતાનું નામ સદામશા હુસેનશા રફાઈ જણાવ્યું હતું. વધુ પુછપરછમાં તે ગોળ ગોળ જવાબ આપતા પોલીસે કડકાઈથી પુછતા પોતે ભાણવડ જિ. દેવભૂમિ દ્વારકા ખાતે દેશીદારૂની સપ્લાય કરેલ હોવાનું જણાવ્યું અને પોતે અટક કરવા પર બાકી હોવાનું જણાવતા આરોપીની પોલીસે અટક કરી આગળની ઘટીત કાર્યવાહી કરવા સારૂ ભાણવડ પોલીસને સોંપેલ છે.

હવામાનની સંભાવનાને ધ્યાનમાં રાખતા દુબઈનું ગૃહમંત્રાલય એનસીઈએમએના સહયોગમાં કામ કરી રહ્યું છે

# દુબઈમાં ફરી વાવાઝોડું ત્રાટક્યું, ત્રણના મોત, અનેક ફલાઈટ રિશેડ્યુલ કરાઈ

(એ.આર.એલ), દુબઈ,તા.૩



દુબઈમાં ફરી પાછું વાવાઝોડું ત્રાટક્યું છે. તેના લીધે કેટલીય આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. હજી પખવાડિયા પહેલા તો દુબઈમાં અકલ્પનીય રીતે વાવાઝોડું ત્રાટક્યું હતું અને તેના લીધે કેટલાય દિવસો સુધી આ આરબ સિટીનું જનજીવન થંભી ગયું હતું. નેશનલ ઈમરજન્સી ક્રાઈસીસ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ આ સ્થિતિને પહોંચી વળવા તૈયારીઓ આદરી છે. જો કે આ વખતે ત્રાટકેલ વાવાઝોડુ ગયા મહિને ૧૪-૧૫ એપ્રિલના રોજ ત્રાટકેલા વાવાઝોડાં કરતાં ઓછું વિનાશક હતું. જો કે વાવાઝોડાના લીધે દુબઈ એરપોર્ટ પર આવનારી મોટાભાગની ફ્લાઈટ્સ રિશેડયુલ કરવી પડી હતી. બપોરે પહોંચનારી ફ્લાઈટ્સ છેક રાતે પહોંચી હતી. આ ઉપરાંત હવામાનની ખરાબ સ્થિતિના પગલે ગૃહ મંત્રાલયે પોતે ભલામણ કરી છે કે ખરાબ હવામાનની સ્થિતિમાં કોઈ ઓફિસ જવા બહાર નીકળે, બને ત્યાં સુધી ઘરેથી વર્ક ફ્રોમ હોમ કરે. અત્યાર સુધીમાં વરસાદના લીધે ત્રણના મોત થયા હોવાના અહેવાલ છે. જો કે પખવાડિયા પહેલા દુબઈમાં પડેલો વરસાદ તો ૧૯૪૯ પછીને સૌથી જબરદસ્ત વરસાદ હતો.

# આફ્રિકાના માલીમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડયા, મોંઘવારી પણ વધી

અમે એક દિવસમાં લગભગ ૧૫ લોકોને હોસ્પિટલમાં ભરતી થતા જોઈ રહ્યા છીએ

(એ.આર.એલ),માલી,તા.૩



ભારતમાં ગરમી દસ્તક આપી ચૂકી છે. દુનિયાના બીજા ઘણા દેશોમાં પણ ભારે ગરમી પડી રહી છે. પરંતુ આફ્રિકાના માલીમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. બીબીસીના રિપોર્ટ અનુસાર પરિસ્થિતિ એટલી મુશ્કેલ છે કે દેશના કેટલાક ભાગમાં હવે બરફના ટુકડાની કિંમત બ્રેડ અને દૂધ કરતાં વધુ છે. રાજધાની બમાકોમાં ૧૫ વર્ષીય ફાતૂમા યાતારા કહે છે કે 'હું બરફ ખરીદીને આવી છું કારણ કે અત્યારે ગરમી વધુ છે.' તાપમાન ૪૮ ડિગ્રી સુધી વધી ગયું છે. ભયંકર ગરમીમાં લાંબા લાંબા વીજકાપે લોકોની પરેશાનીઓને વધુ વધારી દીધી છે. ફાતૂમા જણાવે છે કે લાંબા સમય સુધી વીજકાપના લીધે ફ્રીજ કામ કરતું નથી. તે ભોજનને પ્રિઝર્વ રાખવા અને હીટવેવ દરમિયાન ઠંડુ રાખવા માટે બરફના ટુકડાનો સહારો લે છે. જોકે આ કેટલીક હદ સુધી કામ કરે છે. ગરમીની સાથે મોંઘવારી પણ લોકોની કમર તોડી રહી છે. ફાતૂમા જણાવે છે કે બરફની એક નાની બેગની કિંમત ૩૦૦ થી ૫૦૦ ફ્રેક્સ સીએફએ સુધી પહોંચી ગઈ છે. જ્યારે બમાકોમાં બ્રેડની કિંમત ૨૫૦ સીએફએ હોય છે. નાના કોનાતે ત્રાઓરે માટે જીવન ખૂબ જ મુશ્કેલ બની ગયું છે. હવે તેઓને અઠવાડિયામાં થોડીવારને બદલે દરરોજ રસોઈ કરવી પડે છે.

# દિલ્હીમાં શાળાઓ બાદ હવે પોલીસ હેડક્વાર્ટરમાં બોમ્બની ધમકી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩




દિલ્હીના નાંગલોઈ વિસ્તારમાં બોમ્બ હોવાના સમાચારથી ખળભળાટ મચી ગયો છે. પોલીસ હેડક્વાર્ટરને ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. તપાસ બાદ પોલીસે આ ઈમેલ મોકલનારને શોધી કાઢ્યો છે. ઈમેલ એક સગીર દ્વારા મોકલવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને પકડી લીધો હતો. તપાસમાં જાણવા મળ્યું કે બાળકે તોફાની રીતે મેઈલ મોકલ્યો હતો. પોલીસે સગીર સામે જેજે એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી. જે બાદ કાઉન્સેલિંગ બાદ બાળકને તેના માતા-પિતાને સોંપવામાં આવ્યો હતો.

આ પહેલા ઈમેલ મળ્યા હતા કે દિલ્હી-એનસીઆરમાં શાળાઓ, હોસ્પિટલો, રાષ્ટ્રપતિ ભવન અને આઈજીઆઈ એરપોર્ટ સહિત અનેક સરકારી ઈમારતોમાં બોમ્બ મૂકવામાં આવ્યા છે. શાળા સહિત અન્ય સ્થળોએ ધમકીભર્યા મેઈલ આવ્યા બાદ સર્ચ કરવામાં આવ્યું હતું અને તેમાં કંઈ મળ્યું ન હતું. રાજધાનીની ઘણી શાળાઓમાં બોમ્બ મળી આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

# લગ્ન થયા હોય કે ન થયા હોય, સહમતીથી સંબંધ બાંધવા ખોટું નથી: દિલ્હી હાઈકોર્ટ

**મહિલાનો દાવો છે કે તે વ્યક્તિ તેની પાસેથી ગિફ્ટ માંગતો હતો અને કથિત રીતે તેણે તેને ૧.૫ લાખ રૂપિયા રોકડા પણ આપ્યા હતા**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩




દિલ્હી હાઈકોર્ટે બળાત્કાર સાથે જોડાયેલા એક કેસમાં સુનાવણી દરમિયાન મહત્વની ટિપ્પણી કરી છે. કોર્ટનું કહેવું છે કે જો બે વયસ્કો સહમતીથી જાતીય પ્રવૃત્તિમાં જોડાય છે, તો તેઓને ખોટા કામ માટે જવાબદાર ઠેરવી શકાય નહીં. બળાત્કારના કેસમાં કોર્ટે યુવકને જામીન આપ્યા છે. આ દરમિયાન કોર્ટે એમ પણ કહ્યું હતું કે જાતીય અપરાધો સાથે જોડાયેલા ખોટા કેસો આરોપીની છબીને કલંકિત કરે છે.

જસ્ટિસ અમિત મહાજન કેસની સુનાવણી કરી રહ્યા હતા.''સમાજના ધારાધોરણો સૂચવે છે કે આદર્શ રીતે જાતીય સંબંધો લગ્નના માળખામાં જ થવા જોઈએ,'' તેમણે કહ્યું, લાઈવ લો અહેવાલ આપે છે. જો બે પુખ્ત વયના લોકો વચ્ચે સહમતીથી જાતીય પ્રવૃત્તિ થઈ રહી હોય, તો કોઈને ખોટા કામ માટે જવાબદાર ઠેરવી શકાય નહીં. તેમની વૈવાહિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના.

કોર્ટે કહ્યું કે જાતીય અપરાધોના ખોટા કેસો આરોપીની છબીને કલંકિત કરે છે અને સાચા કેસોની વિશ્વસનીયતા પણ નષ્ટ કરે છે. બળાત્કારના કેસમાં કોર્ટે યુવકને જામીન આપ્યા હતા. રિપોર્ટ અનુસાર, મહિલાએ આરોપ લગાવ્યો હતો કે તે વ્યક્તિએ તેની સાથે ઘણી વખત બળજબરીપૂર્વક સેક્સ કર્યું હતું અને તેની સાથે લગ્ન કરવાનું વચન આપ્યું હતું. મહિલાએ એવો પણ આરોપ લગાવ્યો કે બાદમાં તેને ખબર પડી કે આરોપી પરિણીત છે અને તે બે બાળકોનો પિતા છે.

# દક્ષિણ બ્રાઝિલમાં અનરાધાર વરસાદથી નદીમાં પૂર આવતા ૧૦નાં મોત

(એ.આર.એલ),રાયો દ'જાજારો,તા.૩



વિશ્વમાં સૌથી વધુ ગાઢ જંગલો ધરાવતા અને વિશ્વમાં સૌથી વધુ જળપ્રવાહ ધરાવતી મહાનદી એમેઝોનના દેશ બ્રાઝિલમાં દક્ષિણ વિસ્તારમાં તો અનરાધાર વર્ષાએ તબાહી મચાવી દીધી છે. દક્ષિણનાં રાયો ગ્રાન્ડ શહેર પાસેની નદીમાં પ્રચંડ પૂર આવતાં ૧૦નાં મોત થયાં છે, ૨૧ હજી લાપતા છે, પૂર અને વર્ષાને લીધે મૃત્યુઆંક વધવાની ભીતિ સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે બ્રાઝિલ ભારતનો મિત્ર દેશ છે, બ્રિક્સ સમૂહનો તે સભ્ય છે. ભારત પછી જી-૨૦નું પ્રમુખ પદ ક્રમાનુસાર બ્રાઝિલને ફાળે ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૨૦નો સિમ્બોલ સ્વહસ્તે જ પ્રમુખ લુલા દ'સિલ્વાને આપ્યો છે. છેલ્લા કેટલાયે દિવસોથી બ્રાઝિલ અનરાધાર વર્ષા અનુભવી રહ્યું છે. જૈ પૈકી દક્ષિણ બ્રાઝિલમાં ધોધમાર વર્ષાએ માઝા મૂકી છે, બુધવારે સાંજે યોજેલી પત્રકાર પરિષદમાં રાજ્યના ગવર્નર એડયુઆર્ડો લીટેએ કહ્યું હતું કે અત્યારે તો આપણે ઈતિહાસમાં નોંધાયેલી એક કટોકટીની સ્થિતિ અનુભવી રહ્યાં છીએ, સાથે તેવું લાગે છે કે કમનસીબે પરિસ્થિતિ હજી પણ બગડવા સંભવ છે. ગવર્નર લીટેએ પ્રમુખ લુલા દ'સિલ્વાનો સંપર્ક સાધ્યો હતો તેઓએ તમામ સહાયની ખાતરી આપી હતી. તેઓ જાતે જ તે અસરગ્રસ્ત રાજ્યની મુલાકાતે ગયા હતા, અને યુદ્ધ ધોરણે બચાવ કાર્યવાહી શરૂ કરાવી દીધી હતી.

મને બદનામ કરવાનું ષડયંત્ર છે, રાજયપાલ

# બંગાળના ગવર્નર આનંદ બોઝ સામે જાતીય સતામણીની ફરિયાદ નોંધાઈ

(એ.આર.એલ),કોલકતા,તા.૩




પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર રાજભવનની એક મહિલા કર્મચારીએ જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. તેણે હરે સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં આ અંગે લેખિત ફરિયાદ આપી છે. મહિલાનો આરોપ છે કે તે ૨૪ માર્ચે રાજ્યપાલ પાસે કાયમી નોકરીની વિનંતી સાથે ગઈ હતી. પછી રાજ્યપાલે ગેરવર્તણૂક કરી. જ્યારે ગુરુવારે ફરીથી આવું જ થયું, ત્યારે તે ફરિયાદ લઈને રાજભવનની બહાર તૈનાત પોલીસ અધિકારી પાસે ગઈ.

રાજ્યપાલે કહ્યું કે આ મને બદનામ કરવાનું ષડયંત્ર છે. સત્યનો વિજય થશે. તેમણે વધુમાં કહ્યું કે હું ઘડી કાઢેલી વાતોથી ડરતો નથી. જો કોઈ મને બદનામ કરીને ચૂંટણીમાં ફાયદો મેળવવા માંગતું હોય તો ભગવાન ભલું કરે.

હું ભ્રષ્ટાચાર અને હિંસા સામેની લડાઈને રોકી શકતો નથી. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાગરિકા ઘોષે મહિલાના આરોપોને લઈને એક વીડિયો નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું છે કે બંગાળના ગવર્નર સીવી આનંદ બોઝ પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે.

ભારતના સ્થાયી પ્રતિનિધિએ કહ્યું કે 'આતંકવાદ શાંતિની સંસ્કૃતિ વિરુદ્ધ છે

# ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને ફટકાર લગાવી, પાક.નો ટ્રેક રેકોર્ડ ખરાબ

(એ.આર.એલ),સંયુકતરાષ્ટ્ર,તા.૩



ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને ફટકાર લગાવી છે. ભારતે પાકિસ્તાનની આકરી ટીકા કરતા કહ્યું કે પાકિસ્તાનનો ટ્રેક રેકોર્ડ દરેક બાબતમાં શંકાસ્પદ છે. સંયુક્ત રાષ્ટ્રમાં 'શાંતિની સંસ્કૃતિ' વિષય પર જનરલ એસેમ્બલીની બેઠક યોજાઈ હતી, જેમાં પાકિસ્તાનના રાજદૂત મુનીર અકરમે કાશ્મીર, સીએએ અને અયોધ્યામાં રામ મંદિરના મુદ્દા પર ભારત વિરુદ્ધ ભાષણો કર્યા હતા અને ભારત વિરુદ્ધ ટિપ્પણીઓ કરી હતી. આનો જવાબ આપતાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા. રુચિરા કંબોજે કહ્યું કે 'આ મિટિંગમાં અમે શાંતિની સંસ્કૃતિ વિશે વાત કરી રહ્યા છીએ. આવા પડકારજનક સમયમાં આપણું ધ્યાન રચનાત્મક સંવાદ પર હોવું જોઈએ.

આવી સ્થિતિમાં, આપણે એક પ્રતિનિધિમંડળ (પાકિસ્તાન)ની ટિપ્પણીઓને અવગણવી જોઈએ કારણ કે તેમની પાસે શિષ્ટાચારનો અભાવ છે, પરંતુ દરેક બાબતમાં તેમનો પોતાનો ટ્રેક રેકોર્ડ શંકાસ્પદ છે. તેમના વિનાશક અને હાનિકારક સ્વભાવને કારણે, તેઓ અમારા સામૂહિક પ્રયાસોને પણ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સમાન નામ રાખવાથી ચૂંટણી લડતા કોઈને રોકી ન શકાય : સર્વોચ્ચ અદાલત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩



માતા-પિતાને તેમના બાળકોનું નામ લાલુ યાદવ કે રાહુલ ગાંધી રાખવાથી કોણ રોકી શકે છે? હકીકતમાં, નામને લઈને સુપ્રીમ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. આ પિટિશન દ્વારા સુપ્રીમ કોર્ટ સમક્ષ માગણી કરવામાં આવી હતી કે ચૂંટણી પંચને સમાન નામ ધરાવતા ડમી ઉમેદવારોને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપે. પરંતુ કોર્ટે આ મામલે સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું કે આ અરજી સાંભળવા યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈની બેન્ચે કહ્યું કે "જો કોઈ અન્યનું નામ પણ રાહુલ ગાંધી અને લાલુ પ્રસાદ યાદવ છે, જો તેમના માતા-પિતાએ આવું નામ પસંદ કર્યું હોય, તો શું અમે તેમને ચૂંટણી લડતા અટકાવી શકીએ? શું માતા-પિતાને રોકી શકાય? તેમના બાળકોના નામ આ રીતે રાખવાથી.'' વાસ્તવમાં, અરજદાર સાબુ સ્ટીફને જણાવ્યું હતું કે મતદારોને ભ્રમિત કરીને ચૂંટણીને પ્રભાવિત કરવા માટે આવા નામવાળા ઉમેદવારોને જાણી જોઈને મેદાનમાં ઉતારવામાં આવે છે. જો કે સુપ્રીમ કોર્ટે આ અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું કે ઘણી વખત એવું બન્યું છે કે નામના કારણે પ્રખ્યાત ઉમેદવારો બહુ ઓછા માર્જિનથી ચૂંટણી હારી ગયા છે.

# રાજસ્થાનમાં જેકેજે જ્વેલર્સ પર આવકવેરા વિભાગના દરોડામાં કરોડોની રોકડ મળી આવી

(એ.આર.એલ),જયપુર,તા.૩




રાજસ્થાનના મોટા બિઝનેસ ગ્રુપ જેકેજે જ્વેલર્સ પર આવકવેરા વિભાગના દરોડામાં જંગી રોકડ અને હવાલા સંબંધિત વ્યવહારોના પુરાવા મળ્યા છે. આવકવેરા વિભાગ દેશભરના ત્રણ રાજ્યોમાં જ્વેલર્સ ગ્રૂપ સાથે જોડાયેલા સ્થળો સામે કાર્યવાહી કરી રહ્યું છે. જેમાં છેલ્લા ૩ દિવસથી ૨૦થી વધુ સ્થળો પર કાર્યવાહી ચાલી રહી છે. આ સાથે બિઝનેસ ગ્રૂપના હવાલા બિઝનેસ સાથે સંબંધિત વોટ્સએપ ચેટની રિકવરી અંગેની માહિતી પણ સામે આવી રહી છે. જંગી રોકડ, હવાલા અને અઘોષિત સંપત્તિના દસ્તાવેજો મળી આવ્યા બાદ શોધ સાથે શરૂ થયેલી આ કાર્યવાહી હવે જપ્તીમાં ફેરવાઈ ગઈ છે. રોકડની રિકવરી સાથે ૮ લોકરમાંથી ૪૫ કરોડની કિંમતનું સોનું અને ચાંદી મળી આવ્યા છે.

# આ વર્ષે પ્રથમ ચાર મહિનામાં અનેક દક્ષિણ ભારતીય ફિલ્મોએ નિરાશ કર્યા

(એ.આર.એલ),મુંબઈ,તા.૩




વર્ષ ૨૦૨૪ના ચાર મહિના વીતી ગયા છે. અત્યાર સુધી ઘણી સાઉથ ઈન્ડિયન ફિલ્મો રિલીઝ થઈ છે. તેમાંથી કેટલીકે કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા અને કેટલીક ફિલ્મો ક્યારે આવી અને ક્યારે ગઈ તેની પણ ખબર ન પડી. 'યાત્રા ૨', 'ઓપરેશન વેલેન્ટાઈન', 'ધ ફેમિલી સ્ટાર', 'ભીમા' અને 'ઈગલ' એ આ વર્ષે ફ્લોપ થયેલી ફિલ્મોમાં સામેલ છે. રિલીઝ પહેલા આ ફિલ્મો વિશે ઘણી ચર્ચા થઈ હતી, પરંતુ ટિકિટબારી પર લોકોની કતારને બદલે મૌન હતું. વરુણ તેજની એક્શન ફિલ્મ 'ઓપરેશન વેલેન્ટાઈન' પાસેથી ચાહકોને ઘણી અપેક્ષાઓ હતી, પરંતુ તે અપેક્ષાઓ પર ખરી ઉતરી શકી નથી. માનુષી છિલ્લરે પણ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તે ૧ માર્ચના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ટિકિટબારી પર નિષ્ફળ સાબિત થઈ હતી. 'યાત્રા ૨' રિલીઝ થતાની સાથે જ બોક્સ ઓફિસ પર મૌન છવાઈ ગયું હતું. ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. દર્શકોને તે બિલકુલ ગમી ન હતી. ફિલ્મમાં મામૂટી અને જીવાએ મુખ્ય ભૂમિકા ભજવી છે. આ ફિલ્મનું નિર્દેશન માહી વી રાઘવે કર્યું છે. આ ફિલ્મ આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વાયએસ રાજશેખર રેડ્ડીના જીવન પર આધારિત છે.

# પાકિસ્તાનના હાઈવે પર અકસ્માતમાં ૨૦ના મોત, ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ



(એ.આર.એલ),ઈસ્લામાબાદ,તા.૩

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમમાં ગિલગિટ-બાલ્ટિસ્તાન ક્ષેત્રના દિયામેર જિલ્લામાં સ્થિત કારાકોરમ નેશનલ હાઈવે પર એક ખતરનાક માર્ગ અકસ્માતના સમાચાર છે. આ અકસ્માતમાં મુસાફરોથી ભરેલી બસ ઉંડી ખીણમાં પડી હતી, જેમાં ૨૦ લોકોના મોત થયા હતા, જ્યારે ૧૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના વિશે માહિતી આપતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે બસ રાવલપિંડીથી હુન્ઝા જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું કે અકસ્માત સમયે બસમાં કેટલા લોકો હાજર હતા તે હજુ સુધી જાણી શકાયું નથી. તેમણે કહ્યું કે ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને બચાવ કામગીરી ચાલી રહી છે. મૃતકોને પણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. મૃતકો વિશે માહિતી આપતા હોસ્પિટલના એક કર્મચારીએ જણાવ્યું કે મૃત્યુ પામેલાઓમાં ત્રણ મહિલાઓ પણ સામેલ છે. પાકિસ્તાનમાં થયેલા માર્ગ અકસ્માત અંગે બચાવકર્મીઓએ માહિતી આપી હતી.

# રેવન્ના કેસમાં નવો વળાંક, વીડિયોમાં સાંસદ પ્રજ્વલ સાથે દેખાતી મહિલાનું અપહરણ


(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૩




સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે હાસનથી સાંસદ પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ શુક્રવારે સર્ચ ઓપરેશન હાથ ધર્યું. એક પીડિતાની દીકરાની ફરિયાદ બાદ આ એક્શન લેવામાં આવી હતી. અહેવાલ અનુસાર વાયરલ વીડિયોમાં રેવન્નાને એ મહિલાનું યૌન શોષણ કરતો જોઈ શકાય છે. દીકરાએ નોંધાવેલી એફઆઈઆર અનુસાર તેની માતાનું અપહરણ કરી લેવામાં આવ્યું છે. ગુમ મહિલાના ૨૦ વર્ષના દીકરાએ ગુરુવારે રાતે મૈસૂર જિલ્લાના કે.આર.નગર પોલીસ સ્ટેશનમાં આ મામલે એફઆઈઆર નોંધાવી હતી. તેમાં કહેવાયું હતું કે તેની માતાને રેવન્ના પરિવારનો એક ઓળખીતો ફોસલાવીને લઈ ગયો. અપહરણ કરનારની ઓળખ સતીશ બબન્ના તરીકે થઈ હતી. આરોપ છે કે તેણે પ્રજ્વલના પિતા અને જેડીએસ ધારાસભ્ય એચ.ડી.રેવન્નાના કહેવા પર મહિલાને પ્રજ્વલ વિરુદ્ધ સાક્ષી પૂરતાં રોકવા માટે આવું કર્યું.

# મુંબઈને જીતવા માટે કોલકતાએ ૧૭૦ રનનો લક્ષ્યાંક આપ્યો

મુંબઈ, તા.૩



ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સિઝનની ૫૧મી મેચમાં આજે મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુંબઈના હોમ ગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમમાં મેચ રમાઈ રહી છે. જેમાં મુંબઈ ઈન્ડિયન્સે ટૉસ જીતીને પહેલા બોલિંગ લીધી છે. કોલકાતા તરફથી આન્દ્રે રસેલ ૭ રન, મનીષ પાંડે ૪૨ રન બનાવીને આઉટ થયા હતા. જ્યારે સુનીલ નારાયણ ૮ રન, રિંકુ સિંહ ૯ રન અને વેંકટેશ ઐય્યર સર્વાધિક ૭૦ રન બનાવીને આઉટ થયા હતા. જ્યારે ફિલિપ સોલ્ટે ૫ રન બનાવ્યા હતા. મુંબઈ તરફથી પીયુષ ચાવલાએ ૧ અને બુમરાહ તેમજ નુવાન તુષારાએ ૩-૩ અને હાર્દિક પંડયાએ ૨ વિકેટ લીધી હતી.

# કેનેડામાં વાહન અકસ્માતમાં ભારતીય દંપતી અને પૌત્રનું મોત

(એ.આર.એલ),ટોરેન્ટો,તા.૩



એક ભારતીય દંપતીને કેનેડા આવવું ભારે પડ્યું છે. બહુવિધ વાહનોની અથડામણમાં એક દંપતી અને તેમના ત્રણ મહિનાના પૌત્ર સહિત ચાર લોકોના મોત થયા છે. વાસ્તવમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે ઓન્ટારિયો પોલીસ એક દારૂની દુકાનમાં લૂંટના શંકાસ્પદનો પીછો કરી રહી હતી જે રોંગ સાઈડમાં વાહન ચલાવી રહ્યો હતો. ટોરોન્ટોથી લગભગ ૫૦ કિલોમીટર પૂર્વમાં વ્હીટબીમાં હાઈવે ૪૦૧ પર થયેલા અકસ્માતમાં માર્યા ગયેલા ચારેય લોકોનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, આ માહિતી પોલીસે આપી હતી. ઓન્ટારિયોના સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટએ જણાવ્યું હતું કે ૬૦ વર્ષીય પુરુષ અને ૫૫ વર્ષીય મહિલા ભારતથી કેનેડા આવ્યા હતા. મલ્ટી-વ્હીકલની ટક્કરમાં દંપતીના ત્રણ મહિનાના પૌત્રનું પણ મૃત્યુ થયું હતું. સોમવારે બનેલી ઘટના બાદ હાઈવે ૪૦૧ કેટલાક કલાકો સુધી બંધ રહ્યો હતો. જોકે, એસઆઈયુએ પીડિતોના નામ જાહેર કર્યા નથી. એસઆઈયુએ જણાવ્યું કે આ અકસ્માતમાં બાળકના માતા-પિતા પણ ઘાયલ થયા છે. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે.

**સરકાર દ્વારા હંમેશા લેઉવા પટેલને જ ટાર્ગેટ કરવામાં આવે છે : પીનલબેન સાવલીયા**

# રાજકોટમાં લેઉવા-કડવા પટેલ વચ્ચે વૈમનસ્ય ફેલાવતી પત્રિકા વેચનાર ૪ની ધરપકડ

રાજકોટ,તા.૩

રાજકોટ લોકસભા બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ મળતિયાઓ મારફત લેઉવા-કડવા પટેલ વચ્ચે વૈમનસ્ય ફેલાવતી પત્રિકા બહાર પાડી હોવાના આરોપ સાથે શહેર ભાજપ પ્રમુખની આગેવાનીમાં ગઈકાલે પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાને હાનિ પહોંચે તેવું લખાણ હોવાથી આવું વૈમનસ્ય ફેલાવતા જવાબદારોને ઝડપી પાડવા માગ કરવામાં આવી હતી. આ રજૂઆતની ગણતરીની કલાકોમાં પોલીસ એક્શન મોડમાં આવી હતી અને લેઉવા પટેલ સમાજના ચાર યુવકોને ઝડપી લેવામાં આવ્યા હતા. જેને પગલે કોંગી આગેવાનો મોડીરાત્રે ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ પહોંચ્યા હતા અને લેઉવા પટેલોને નિશાન બનાવાતા હોવાનો કોંગી પાટીદાર મહિલા નેતા પીનલબેન સાવલિયા દ્વારા આરોપ લગાવવામાં



આવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની આગેવાનીમાં પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી જેમાં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના અમુક મળતિયાઓ દ્વારા લેઉવા-કડવા પટેલો વચ્ચે વૈમનસ્ય ઊભું થાય તેવી પત્રિકા વાઈરલ કરવામાં આવી હોવાનો આરોપ લગાવાયો હતો. સમગ્ર મામલે પોલીસે કુલ ૪ યુવકોને ઝડપી લીધા છે. વોર્ડ નં. ૧૧ના ભાજપ પ્રમુખ મહેશ પીપળિયાની ફરિયાદના આધારે કેતનભાઈ તાળા, પ્રકાશભાઈ વેજપરા, દીપભાઈ ભંડેરી તેમજ વિપુલભાઈ તારપરા વિરુદ્ધ બે સમાજ વચ્ચે વૈમનસ્ય ઊભું કરવા તેમજ જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે વેરઝેર કરાવવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સાબરકાંઠામાં નિવૃત્ત એ.એસ.આઇ. અને પત્નીની પૌત્ર અને પુત્રવધૂએ જ હત્યા કરાવી

(એ.આર.એલ), હિંમતનગર,તા.૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં જ એક નિવૃત્ત પોલીસ કર્મચારી અને તેની પત્નીની ધોળે દિવસે ઘાતકી હત્યા કરવામાં આવી હતી. ઘરમાં ઘૂસી આવેલા યુવકોએ ચપ્પાના ઉપરા છાપરી ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હોવાની ઘટના નોંધાઈ હતી. ઘટના બાદ પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી હતી. હિંમતનગર પોલીસે ઘટનામાં હત્યારાઓ સુધી પહોંચી જઈને તેમની ધરપકડ કરી લીધી છે. હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશન અને ડીવાયએસપી હિંમતનગરની ટીમ દ્વારા તપાસ હાથ ધરતા હત્યારાઓ પોલીસને હાથ લાગ્યા છે. પોલીસે ઘટનામાં એક કિશોર અને અન્ય ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે.

રામનગર વિસ્તારમાં ગત ૨૯ એપ્રિલે ધોળે દિવસે ડબલ મર્ડરની ઘટના સામે આવી હતી. ઘટનામાં નિવૃત્ત આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને



તેમના પત્નીની હત્યા કરવામાં આવી હતી. અજાણ્યા શખ્સો ઘરે ધસી આવ્યા હતા અને તેઓએ દંપતીને ઘરમાં જ ચાકૂના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આમ વૃદ્ધ દંપતીને મોતને ઘાટ ઉતારી હત્યારાઓ ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ પોલીસે તપાસ શરુ કરતા હત્યા કરવામાં મૃતક દંપતીની પુત્રવધૂ અને તેમનો સગીર પૌત્ર જ સામેલ હોવાનું સામે આવ્યું છે. પૌત્રએ તેના મિત્રો મારફતે હત્યા કરાવી હોવાનું સામે આવ્યું છે. પોલીસે હત્યારા આરોપીઓની ધરપકડ કરીને તપાસ શરુ કરી છે. ઘટનામાં તપાસ હાથ ધરતા સગીર પૌત્રએ માતા મિત્તલકુમારી ભાટીની સાથે મળીને સગીરના મિત્રને હત્યા માટેની સોપારી આપી હતી. આ માટે ૧૦ લાખ રુપિયાની સોપારી આપી હોવાનું કબૂલ્યું હતું.

**ઝડપાયેલા આરોપી**

- મિત્તલકુમારી વનરાજસિંહ ભાટી, પુત્રવધૂ,
- વિપુલસિંહ નાથુસિંહ વાઘેલા, લીંબોદરા, તા. માણસા, જિલ્લો ગાંધીનગર
- હેત અતુલકુમાર પટેલ, રહે. નર્મદા બંગલો, મોદી ગ્રાઉન્ડ પાસે, હિંમતનગર

# અમદાવાદમાં મહિલા ડ્રગ્સ પેડલર સહિત બે આરોપીની ધરપકડ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

અમદાવાદમાં ડ્રગ્સનું વેચાણ કરતી વધુ એક મહિલા પેડલર સહિત ૨ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ડ્રગ્સ કેસમાં પતિ જેલમાં જતા પત્નીએ ડ્રગ્સનો ધંધો શરૂ કર્યો હોવાનું સામે આવ્યું છે. ઝોન ૭ એલસીબીએ રિક્ષામાં ડ્રગ્સની હેરાફેરી કરનાર આરોપી અને જુહાપુરાની મહિલા ડ્રગ્સ પેડલરની ધરપકડ કરીને ૨.૫૩ લાખનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. આ કેસમાં દરિયાપુરની ડ્રગ્સ પેડલરનું નામ ખુલ્યું છે. જેને આધારે પોલીસે તેની પણ શોધખોળ હાથ ધરી છે.

વેજલપુર પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી સાબિયાબાનુ અન્સારી અને શાહરુખખાન પઠાણની ડ્રગ્સના વેચાણ કરવાના કેસમાં પોલીસે ધરપકડ કરી છે. ઝોન ૭ એલસીબીને બાતમી મળી કે જુહાપુરા વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી થઈ રહી છે જેને લઈને વોચ ગોઠવી હતી.

રિક્ષામાં ડ્રગ્સનો જથ્થો લઈને નીકળેલા આરોપી શાહરુખ ખાન પઠાણની ધરપકડ કરીને તેની પાસેથી ૪૫ હજારનો ડ્રગ્સનો જથ્થો પોલીસે જપ્ત કર્યો.

આરોપીની પૂછપરછમાં જુહાપુરાની મહિલા ડ્રગ્સ પેડલર સાબિયાબાનુ અન્સારીનું નામ ખુલ્યું હતું. પોલીસે તેના ઘરે રેડ કરતા વધુ ૨ લાખનું ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે બન્નેની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# સુરતમાં સગીરા પર સાવકા બાપે દુષ્કર્મ આચરતા અરેરાટી

## સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય પણ આચરી વિકૃતિની હદ વટાવી

સુરત,તા.૩

સુરતના વરાછા વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષીય તરૂણીની તબિયત લથડી હતી. માતાએ કારણ પૂછતાં તેણે ગુપ્ત ભાગે થયેલી ઈજા બતાવી હતી. તેનું કારણ હતું સાવકા પિતા દ્વારા રાત્રે ગુજારવામાં આવેલો પાશવી બળાત્કાર. તરૂણીએ જણાવ્યું હતું કે, મધરાત્રે બે વાગ્યે છત ઉપર સૂતેલાં તેના પિતા નીચેના રૂમમાં આવ્યા હતા અને તેને અડપલાં કરવાનું શરૂ કર્યું હતું. બાજુમાં જ નાની બહેન અને બે સાવકા ભાઈઓ સૂતા હોવા છતાં પણ અવાજ કે પ્રતિકાર કરવાની હિંમત કરી શકી ન હતી. હવસખોર પિતાએ સવાર સુધી તેની સાથે વિકૃત વાસનાનો ખેલ ખેલ્યો હતો. ચારથી પાંચ વખત બળાત્કાર કરવાની સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય પણ આચરી વિકૃતિની હદ વટાવી હતી. માતા આ વાતથી વિફરી હતી અને હવસખોર બનેલાં પતિને વરાછા પોલીસ મથકે લઈ આવી હતી. તેની વિરૂદ્ધ બળાત્કાર અને સૃષ્ટિ વિરૂદ્ધનાં કૃત્ય બદલ ફરિયાદ નોંધાવતાં પોલીસે હવસખોર પિતાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ચૂંટણી પંચે પરેશ ધાનાણીના ભાષણના વીડિયો આધારે ફરિયાદ નોંધી

(એ.આર.એલ),રાજકોટ,તા.૩

રાજકોટના કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણી સામે ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાઈ છે. ભાજપે પરેશ ધાનાણીની ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે. ચૂંટણી પંચના રિટર્નિંગ ઓફિસરે પરેશ ધાનાણીના ભાષણના વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે. પરેશ ધાનાણીએ ક્ષત્રિય અને પાટીદાર સમાજને હરખપદુડા કહેતા ભાજપે ફરિયાદ કરી છે. ચૂંટણી પંચના રિટર્નિંગ ઓફિસરે વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે.



રાજકોટ પશ્ચિમમાં આચારસંહિતાના ઉલ્લંઘનની સૌથી વધુ ૧૩૨ ફરિયાદ નોંધાઈ છે. આચારસંહિતાના ઉલ્લંઘનની સૌથી ઓછી ૭ ફરિયાદ જસદણમાં નોંધાઈ છે. થોડા દિવસ પહેલા રાજકોટ કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ પાટીદાર અને ક્ષત્રિયો પર કટાક્ષ કર્યો હતો. પરેશ ધાનાણીએ ક્ષત્રિય અને પાટીદારોને હરખપદુડા કહ્યાં હતા. આ સાથે "૧૯૯૫માં ભય, ભુખ અને ભ્રષ્ટાચાર દૂર કરવા ભાજપનું બીજ વાવ્યું" હોવાના પણ ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. આ નિવેદન બાદ વિવાદ થઈ રહ્યો છે. આ સાથે ધાનાણીએ ૧૯૯૫ને યાદ કરાવ્યો હતો. ધાનાણીએ પોતાના ભાષણમાં ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા.

## અમરેલીમાં ભગવાન શ્રીરામના બેનર હટાવવા મુદે રાજકારણ ગરમાયું.....



**અમરેલી લોકસભા ચૂંટણી દરમ્યાન શહેરમાંથી રામજન્મ ઉજવણી સમયે લગાવેલા ભગવાન શ્રીરામના બેનર હટાવવા કોંગ્રેસ દ્વારા ચૂંટણીપંચમાં ફરિયાદ કરવાના મુદે રાજકારણ ગરમાયુ છે. આ ઘટનાને લઈને નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાએ સંજોગ ન્યૂઝ સાથે વાતચીત કરતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. અને જણાવ્યુ હતુ કે, ભગવાન શ્રીરામ દરેક હિન્દુના આરાધ્ય દેવ છે. અને તેમના બેનર હટાવવા માટે કોંગ્રેસે કરેલા પ્રયાસ એ સમગ્ર હિન્દુ ધર્મનું અપમાન છે. અને આ ઘટના હું સખ્ત શબ્દોમાં વખોડી કાઢું છું. કોંગ્રેસના આ કૃત્યને અમરેલી જિલ્લાના મતદારો ભાજપ તરફી મતદાન કરી જવાબ આપશે.**

# રાજ્યમાં આગામી પાંચ દિવસ સૂરજદાદા કોપાયમાન રહેશે

અમદાવાદ,તા.૩

ગુજરાતમાં હવે આકરો ઉનાળો શરૂ થઈ ગયો છે. દિવસભર ભારે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં બપોરના સમયે હવે મોટાભાગના રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યાં છે. એવામાં હવામાન વિભાગે આગાહી કરી છે તેમાં આગામી પાંચ દિવસ ગુજરાત માટે ભારે છે. આવી સ્થિતિમાં હવામાન વિભાગે ફરી હિટવેવની આગાહી કરી છે. આગામી ૫ દિવસ અંગ દઝાડતી ગરમી રહેશે.

# ભરૂચના પરિવારે નહેરમાં પડતું મૂકી કર્યો સામૂહિક આપઘાત

સુરત,તા.૩

સુરતમાં મૈયતમાં આવેલા ભરૂચના પરિવારના ત્રણ સભ્યોની સુરતના જહાંગીરપુરા બાયપાસ રોડ પર કેનાલમાંથી લાશ મળી આવતા ખળભળાટ મચ્યો છે. મૃતકોમાં એક નાના બાળકનો સમાવેશ થાય છે. પરિવારે ક્યાં કારણોસર સામૂહિક આપઘાત કર્યો તેની તપાસ પોલીસે શરૂ કરી છે.

ભરૂચ જિલ્લામાં વસવાટ કરતો મુસ્લિમ પરિવાર સુરત શહેરના કોસાડ આવાસ વિસ્તારમાં તેમના કાકાજીની મૈયતમાં હાજરી આપવા માટે ગયો હતો. જો કે ત્યાંથી હાજરી આપી પરત ફરનાર પતિ-પત્ની અને તેમના અઢી વર્ષના પુત્રની સુરતના જહાંગીરપુરા બાયપાસ રોડ પર કેનાલમાંથી લાશ મળી આવી છે. પ્રાથમિક અનુમાન અનુસાર પરિવારે નહેરના પાણીમાં પડતું મૂકી સામૂહિક આપઘાત કરી લઈ જીવન ટૂંકાવ્યું હશે.

બનાવની જાણ થતાની સાથે જ ફાયર વિભાગ દ્વારા વરિયાવ બાયપાસ રોડ પરથી કેનાલમાંથી મહિલા અને બાળકની લાશને બહાર કાઢવામાં આવી હતી જ્યારે ઓલપાડ તાલુકામાં કેનાલમાંથી પતિની લાશ મળી આવી હતી. જહાંગીરપુરા પોલીસે બંને લાશનો કબજો લઈ લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ બાયપાસ રોડ પર રહેતો મુસ્લિમ મગસ પરિવાર અમરોલીના કોસાડ આવાસમાં તેમના કાકાજીની મૈયતમાં હાજરી આપવા માટે આવ્યો હતો. મૈયતમાં હાજરી આપ્યા બાદ મુસ્લિમ પરિવાર ભરૂચ પરત જવા માટે નીકળ્યો હતો. જોકે અનુમાન અનુસાર આ પરિવારે જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ વરિયાવ બાયપાસ રોડ પર રેલવે ફાટકની બાજુમાંથી પસાર થતી કેનાલમાં આત્મહત્યા કરી લીધી હતી.







